પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૪૭ • કુલ પાના : ૪ • તારીખ : ૧૩-૦૬-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### ઈરમા યુનિવર્સિટી ખાતે આજે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ૪૧માં પદવીદાન સમારોહ ઉપસ્થિત રહ્યા

# જ્યાં સુધી વિસ્તારનો વિકાસ નહીં થાય ત્યાં સુધી ગામનો વિકાસ થઈ શકે નહીં : અમિત શાહ

આણંદ,

ઈરમા યુનિવર્સિટી ખાતે આજે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ૪૧માં પદવીદાન સમારોહ ઉપસ્થિત રહ્યા છે. આ દરમિયાન ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓને ડિગ્રી આપવામાં આવી છે. જેમાં તેમને વિદ્યાર્થીઓને સંબોધિત પણ કર્યા હતા.

જેમા તેમણે જણાવ્યું કે, 'દેશના ગ્રામીણ વિકાસને વેગ આપવો, ગ્રામીણ વિકાસને દેશની અર્થવ્યવસ્થામાં ફાળો આપનાર બનાવવો અને ગ્રામીણ વિકાસ દ્વારા ગામડામાં રહેતા દરેક વ્યક્તિને સમૃધ્ધિ તરફ લઈ જવો, આ કર્યા વિના દેશ ક્યારેય આત્મનિર્ભર બની શકતો નથી.'

તેમણે વધુમાં જણાવ્યુ કે,



'તમને સારું જીવન જીવવાનો અધિકાર છે, પરંતુ સાથે સાથે જેઓ હજુ પણ સારા જીવનનું સ્વપ્ન જુએ છે, જેમના માટે શિક્ષણ હજુ પણ એક સ્વપ્ન છે તેમના માટે થોડો સમય કાઢજો.'

અમિત શાહે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્રામીણ વિકાસ માટે સંપૂર્ણ ગ્રામીણ વિકાસ કેવી રીતે થઈ શકે તેની કલ્પના દેશ અને દુનિયા સમક્ષ મુકવાનું કાર્ય કર્યું છે. જ્યાં સુધી વ્યક્તિનો વિકાસ નહીં થાય ત્યાં સુધી ગામનો વિકાસ થઈ શકે નહીં. જ્યાં સુધી વિસ્તારનો વિકાસ નહીં થાય ત્યાં સુધી ગામનો વિકાસ થઈ શકે નહીં. વ્યક્તિના જીવનને અનુકૂળ બનાવીએ, વિસ્તાર અને ગામડાનો વિકાસ કરીએ તો જ ગ્રામ્ય વિકાસનું આ સ્વપ્ન સાકાર થાય છે.

અમિત શાહે વધુમાં જણાવ્યું કે, વ્યક્તિ, ગામ અને વિસ્તારના વિકાસ માટે મોદી સરકારે ૮ વર્ષમાં ઘણું કામ કર્યું છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, મોદીજીએ ૮ વર્ષમાં દેશના ખૂણે ખૂણે કરોડો લોકોના બેંક ખાતા ખોલાવ્યા. મોદીજીએ દરેક ઘરમાં વીજળી, શૌચાલય પહોંચાડવાનું કામ કર્યું છે. મોદી સરકાર દેશના દરેક ઘરમાં નળથી શુદ્ધ પાણી પહોંચાડવા માટે કામ કરી રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આગળ કહ્યું કે, સમુદ્રી જીવન વિશે જાગૃતિ વધારવી, દ્વિપોની સફાઈ કરવી અને એકલ ઉપયોગમાં આવતા પ્લાસ્ટિકને ખતમ કરવા માટે દુનિયા ૮ જૂનના રોજ મહાસાગર દિવસ મનાવે છે. સમગ્ર દુનિયામાં તેના પર ચર્ચા થઈ. આપણે દીવમાં પણ આવું કરી ચુક્યા છીએ. જે એકમાત્ર એવો વિસ્તાર છે, જ્યાં સમગ્રપણે સૌર ઊર્જાથી કામ ચાલે છે.

અમિત શાહે કહ્યું હતું કે તમને બધાને મળીને ખુશી થઈ છે.ઈરમાએ એવી સંસ્થા છે જેને ગ્રામિણ વિકાસ માટે ઉભી કરાઈ છે.તથા આજના સમય મુજબ ગ્રામીણ વિકાસ કરવો પડે તેમજ ગ્રામિણ વિકાસમાં આપનું યોગદાન રહેશે તથા સરદાર પટેલની ભૂમિ પર ઈરમાએ ગ્રામિણ વિકાસનું કામ ઉપાડયું છે જેમાં ઉપનિષદના અભ્યાસ વગર શિક્ષણ અધુરૂ છે. તેમણે કહ્યું કે ગરીબો માટે કામ કરજો તો આત્મસંતોષ થશે કરોડો કમાવવા કરતાં કોઈને આત્મનિર્ભર કરવાથી આત્મસંતોષ મળશે હું ૧૩ વર્ષની ઉમરથી સાર્વજનિક જીવનમાં છું તથા ગાંધીજીએ કહ્યું હતું કે દેશની આત્મા ગામડાઓમાં વસે છે તેમજ ઘરે ઘરે વીજળી પહોંચાડવાનું કામ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું છે તથા ગામોમાં સરકારે કનેકિટવિટી આપી જેથી આર્થિક ગતિવિધિ વધી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોને વર્ષે ૬૦૦૦ રૂપિયા આપી આત્મનિર્ભર બનાવ્યા છે તથા આદિવાસીઓના વિકાસને પહેલાની સરકારોએ રૂધ્યો હતો.

પદવીદાન સમારંભ દરમિયાન પીજીડીએમ(આરએમ) ગ્રેજયુએટ અવિનીશ અરોરોને શૈક્ષણિક શ્રેષ્ઠતા બદલ કુચીભોટલા વાસંતી ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો હતો આ પ્રતિષ્ઠિત પુરસ્કારની સ્થાપના આજથી ૨૫ વર્ષ પહેલા પીજીડીએમના ભૂતપૂર્વ વિદ્યાર્થીની સ્વ સુશ્રી કુચીભોટલા વાસંતીના નામે કરવામાં આવી હતી જેમનું વર્ષ ૧૯૯૭માં એક દુર્ભાગ્યપૂર્ણ અકસ્માતમાં મૃત્યુ થઈ ગયું હતું.

દિલીપી રથે ઈરમા અને રુરલ મેનેજમેન્ટના ક્ષેત્રના મહત્વ અને સૌ કોઈ માટે સમાવેશી વિકાસની ભારતની યાત્રામાં આ સંસ્થાની ભૂમિકા પર પ્રકાશ પાડયો હતો દિલીપ રથે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ઈરમા ગ્રામ્ય વિસ્તાર પર ધ્યાન કેન્દ્રીત કરવાની સાથે સહકારી સેકટરમાં મેનેજમેન્ટનું શિક્ષણ આપવા માટેના સેન્ટર ફોર એકસીલેન્સ તરીકે ખુબ જ સારી સ્થિતિમાં છે આથી હું કેન્દ્રીય સહકાર મંત્રીને વિનંતી કરૂ છું કે ઈરમાને સહકારી મંડળીઓ માટોની એક કેન્દ્રીય યુનિવર્સિટી તરીકે સ્થાપવામાં આવે જેના માટેનો એક પ્રસ્તાવ પણ સોંપવામાં આવ્યો છે.

# દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ, ડાંગની પૂર્ણા નદીમાં ઘોડાપૂરની સ્થિતિ

સુરત,

દક્ષિણ ગુજરાતમાં મેઘમંડાણ



થયા છે. એમ કહો કે, દક્ષિણ ગુજરાતમાં મન મૂકીને મેઘ વરસી રહ્યાં છે. ડાંગમાં વરસાદની ધમાકેદાર બેટિંગ જોવા મળી છે, તો પૂર્ણા નદીમાં ઘોડાપૂર જેવી સ્થિતિ થઈ છે. કોતરોમાં ફરી વહેણા વહેતા થયા છે. તો વલસાડમાં બીજા દિવસે વરસાદી માહોલ છે. સુરતના ઓલપાડ તાલુકામાં મેઘ મહેર થયુ છે, કીમમાં વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાયાછે.

ડાંગ તાલુકાના પૂર્વીય વિસ્તારમાં વરસાદે ધમાકેદાર શરૂઆત કરી છે. વણઝારઘોડી ગામ પાસે પસાર થતી પૂર્ણા નદીમાં ઘોડાપુર આવતા લોકોમાં અચાનક આશ્ચર્ય ફેલાયું હતું. અચાનક ગાજવીજ સાથે તૂટી પડેલા વરસાદને કારણે નદીના કેચમેન્ટ વિસ્તારમાં ચાલતા કોઝવે અને પુલની કામગીરી ખોરંભે ચડી હતી. પૂર્ણા નદી સહિત કોતરોમાં વરસાદના નવા નીર વહેતા જોવા મળ્યા હતા. વરસાદી માહોલ વચ્ચે સુબિર તાલુકાના પાદલખડી ગામના પશુપાલક શિવદાશભાઈ ભોયેના પશુધન ઉપર આકાશી વીજળી પડવાથી, તેમના એક પાડાનુ મૃત્યુ નોંધાયુ છે. જ્યારે એક પાડો સારવાર હેઠળ રાખવામા આવ્યો છે.

સુરતના ઓલપાડ તાલુકામાં મેઘ મહેર થતા કિમમાં વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાયા છે. પહેલા વરસાદે જ પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખૂલી છે. રોડની સાથે સાથે રેલવે સ્ટેશન પર પાણી ભરાયા છે. ઘણા વિસ્તારોમાં વીજળી ગૂલ થતાં લોકો પરેસાન થયા છે. તો પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા અને ઘોઘંબા પંથકમાં રાત્રિ દરમિયાન મેઘરાજાનું ધમાકેદાર આગમન થયુ છે. જાંબુઘોડા તાલુકામાં ૮ મીમી અને ઘોઘંબા તાલુકામાં ૭ મીમી વરસાદ નોંધાયો છે. શનિવારે દિવસ દરમિયાન ભારે ઉકળાટ અને ગરમીના વાતાવરણ બાદ મોડી રાત્રે જોરદાર પવન ફૂંકાયો હતો.

# કોરોના સંક્રમિત સોનિયા ગાંધીની તબિયત બગડી, દિલ્હીની ગંગારામ હોસ્પિટલમાં દાખલ

નવીદિલ્હી,

સોનિયા ગાંધીની તબિયત બગડી ગઈ છે તેઓ કોરોનાથી સંક્રમિત છે અને હજુ સુધી તેમનો રિપોર્ટ નેગેટિવ નથી આવ્યો. રણદીપ સુરજેવાલાએ જણાવ્યું કે તેમને દિલ્હીના ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મહત્વપૂર્ણ છે કે ઈડીએ ૨૩ જૂને નેશનલ હેરાલ્ડ મામલામાં પૂછપરછ માટે સોનિયા અને રાહુલ ગાંધીને સમન્સ મોકલ્યા છે. પહેલાં તેમને ૮ જૂને હાજર થવાનું હતું, પરંતુ કોરોનાને કારણે આ તારીખ આગળ વધારી દેવાઈ છે.

સુરજેવાલે કહ્યું કે કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીને



કોરોના સંબંધિત સમસ્યાના કારણે આજે ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.હાલ તેમની હાલત સ્થિર છે.સોનિયા ગાંધી તાજેતરમાં જ કોરોના સંક્રમિત થયા હતાં ત્યારથી તેઓ ધીરે ધીરે સ્વસ્થ થઈ રહ્યાં હતાં પરંતુ તબિયત ખરાબ હોવાના કારણે આજે તેમને સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# પંજાબના આઠ પૂર્વ ધારાસભ્યો સામે કેસ દાખલ કરવાના આદેશ

ચંડીગઢ,

પંજાબ એસેમ્બલીના સ્પીકરે પંજાબના આઠ ભૂતપૂર્વ ધારાસભ્યો વિરુદ્ધ કેસ નોંધવાનો આદેશ આપ્યો છે જેમણે નોટિસ પછી પણ તેમના સત્તાવાર નિવાસસ્થાન ખાલી કર્યા નથી. જો કે, સ્પીકરે થોડી નમ્રતા લેતા, આવા ભૂતપૂર્વ ધારાસભ્યોને બીજી નોટિસ મોકલવાનું પણ કહ્યું છે, જે હેઠળ તેઓને સરકારી નિવાસ ખાલી કરવા માટે વધુ ૧૫ દિવસનો સમય મળશે.જો પૂર્વ ધારાસભ્યો આ ૧૫ દિવસમાં સત્તાવાર નિવાસસ્થાન ખાલી નહીં કરે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ભૂતપૂર્વ ધારાસભ્યોના વલણ પર નારાજગી વ્યક્ત કરતા, સ્પીકરે તેને સરકારી સંપત્તિ પર ગેરકાયદેસર કબજો ગણાવ્યો છે અને આ આરોપ હેઠળ કેસ નોંધવાની તૈયારી શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસ સરકાર ગયા બાદ તે સમયના તમામ ધારાસભ્યોને પંજાબ સરકાર દ્વારા ચંદીગઢમાં સસ્તા ભાડા પર આપવામાં આવેલા સરકારી ફ્લેટ પરત કરવા પડ્યા હતા. આ માટે સ્પીકર દ્વારા ફ્લેટ ખાલી ન કરનારા ધારાસભ્યોને નોટિસ પણ મોકલવામાં આવી હતી. છેલ્લી નોટિસ ૧૦ માર્ચ, ૨૦૨૨ના રોજ મોકલવામાં આવી હતી, જેમાં આ ધારાસભ્યોને નોટિસ મળ્યાના ૧૫ દિવસમાં ફ્લેટ ખાલી કરવા કહેવામાં આવ્યું હતું. બિક્રમ સિંહ મજીઠિયા, કુલબીર સિંહ ઝીરા, ગુરપ્રતાપ સિંહ વાધલા, ગુરપ્રીત સિંહ જીપી, સતકૌર કૌર, અંગદ સિંહ, સુખપાલ સિંહ ભુલ્લર અને રામિંદર સિંહ અવલા એ લોકોમાં સામેલ હતા જેમણે પોતાનું સત્તાવાર નિવાસસ્થાન છોડ્યું ન હતું. તેમાંથી બિક્રમ સિંહ મજીઠિયા આ દિવસોમાં પ્રયાસ કરી રહ્યા છે કે તેમને જે ફ્લેટ મળ્યો છે, તે આ વખતે તેમની પત્ની ગૈનીવ કૌરના નામે ટ્રાન્સફર કરવામાં આવે, જેઓ ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. સ્પીકર કુલતાર સિંહ સંધવા દ્વારા આ ધારાસભ્યોને છેલ્લી તક તરીકે મોકલવામાં આવેલી નોટિસમાં ચેતવણી આપવામાં આવી રહી છે કે જો તેઓ નિર્ધારિત સમયમાં ફ્લેટ ખાલી નહીં કરે તો કેસ નોંધવામાં આવશે.


સત્યમેવ જયતે ગુજરાત સરકાર

આઝાદી નો અમૃત મહોત્સવ

## દેશનો છે નિર્ધાર

## નવા ભારતની યોજનાઓ થકી ૧૦૦% યુવાઓને બનાવવા છે સશક્ત

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦
  - વધુ કાર્યક્ષમ શિક્ષણ પ્રણાલી સાથે નોંધનીય પરિવર્તન
  - વિદ્યાર્થીઓની વિશિષ્ટ ક્ષમતાઓને ઓળખવી અને પ્રોત્સાહન આપવું
  - શિક્ષકોને નવી ટેકનોલોજી અને શિક્ષણ પદ્ધતિમાં નિષ્ણાંત બનાવવા પર વિશેષ ભાર
- છેલ્લા આઠ વર્ષમાં ૩૨૦ નવી યુનિવર્સિટીઓ, ૭ નવી IIT અને ૭ નવી IIM
- દેશની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે સંકલિત પ્રવેશ પરીક્ષાઓ લેવા માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ની રચના
- ૧.૩૬ કરોડ યુવાનોને પીએમ કૌશલ વિકાસ યોજના હેઠળ મફ્ત તાલીમ અને રોજગારની તકો મળી
- છેલ્લા આઠ વર્ષમાં ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો (ITIs)ની સંખ્યા લગભગ ૪૬% વધીને ૧૪,૭૪૦ થઈ
- દેશમાં લગભગ ૭૦ હજાર માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટ-અપ : યુવાનો કરી રહ્યા છે રોજગારીનું નવસર્જન, યુનિકોર્નની સંખ્યા વધીને ૧૦૦ થઈ
- ૯.૫ હજારથી વધુ અટલ ટિંકરિંગ લેબ્સથી યુવાનોના ઈનોવેશનને મળી નવી પાંખો
- ભારતીય ખેલાડીઓનું ટોક્યો ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સ ૨૦૨૦ માં ઐતિહાસિક શ્રેષ્ઠ પ્રદર્શન
- ખેલો ઈન્ડિયા સેન્ટર, ટોપ સ્કીમ, પ્રતિભાશાળી ખેલાડીઓ માટે શિષ્યવૃત્તિ યોજના, દેશની પ્રથમ સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના જેવા સશક્ત પગલાંઓથી દેશમાં રમતગમત સંસ્કૃતિને મળ્યું પ્રોત્સાહન







" સરકારનો પ્રયાસ યુવાનોને યોગ્ય વાતાવરણ અને સંસાધનો પુરા પાડવાની સાથે સાથે તેમની ક્ષમતા વધારી સુદ્રઢ વ્યવસ્થા બનાવવાનો છે. ભારત માટે આ સપનાઓ અને નવા સંકલ્પોનો તબક્કો છે. આવી સ્થિતિમાં, ભારતના યુવાનોની શક્તિ ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જશે. "

— નરેન્દ્ર મોદી —

8 Years Seva, Sushasan Garib Kalyan

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જીલ્લામાં પહેલા જ વરસાદમાં વિજળી પડતાં એક મહિલા અને બે પશુંઓના મોત


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,

મહીસાગર જીલ્લાના સંતરામપુરના ગોઠીબડા ગામમાં પહેલા વરસાદમાં જ એક મહિલાનું વિજળી ડતાં મોત થયું છે. ગોઠીબડા ગામમાં ડામોર શીવીબેન ધીરૂભાઇ નામની મહિલા વરસાદ આવતાં બહાર બાંધેલા પશુંઓ ઘરમાં લાવવા જતાં તેમના પર વિજળી પડી હતી તે દરમ્યાન ૧૦૮ દ્વારા મહિલાને સારવાર માટે સંતરામપુર હોસિપટલમાં દાખલ કરાઈ હતી અને ડોકટર દ્વારા તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારે બીજી તરફ લુણાવાડાના ખુંધી ગામે વિજઈી પડતા ઝાડ નીચે બાંધેલ બે પશુઓના પણ મોત નિપજ્યા છે.

- મોડી રાત્રે જિલ્લા ના કેટલાક વિસ્તાર માં ભારે પવન સાથે વરસાદનું આગમન.
- ખાનપુર-કડાણા-સંતરામપુર-લીમડિયા-લુણાવાડા સહિત ના ગ્રામ્ય પંથક માં વરસાદ.
- ભારે બફારા બાદ વરસાદનું આગમન થતા ગરમી થી રાહત.
- વરસાદી ઝાપટા થી વાતાવરણ માં ઠંડક પ્રસરી.
- સમયસર વરસાદ ની શરૂઆત થી ખેડૂતોમાં ખુશી ની લહેર.


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**સંતરામપુર નગરમાં વરસાદનું આગમન સંતરામપુર નગરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી વરસાદનું આગમન થતાં જ નગરજનો દ્વારા ખેડૂતોમાં આનંદ આનંદ જોવા મળ્યો હતો. સંતરામપુર નગરમાં વરસાદનું આગમન નીચલા વિસ્તારોમાં પાણી ભરાયા શિકારી ફળિયા મોટા બજાર નવ મોટરસાયકલ પણ તણાઈ.**

# આયુષ્યમાન કાર્ડ સંતરામપુરના લાભાર્થી માટે આર્શિવાદરૂપ બન્યુ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

કેન્દ્ર સરકારની યોજનાનું આયુષ્યમાન ભારત કાર્ડ સંતરામપુર ના લાભાર્થી માટે આશીર્વાદરૂપ સાબિત થયું કેન્દ્ર સરકાર દેશના વડાપ્રધાન ના સતત પ્રયાસોથી અને ઘરે ઘરે ગરીબ અને મધ્યમ વર્ગના આયુષ્યમાન કાર્ડ દરેક હોસ્પિટલમાં મંજૂરી આપીને ગરીબ વ્યક્તિઓ આયુષ્યમાન ભારત કાર્ડનો ઉપયોગ કરી તેનો લાભ મેળવી શકે આજ રીતે મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના રહેતા નગરપાલિકા વિસ્તારમાં ટેકરી ફળિયામાં જાવેદ ખાન બશીર ખાન પઠાણ તેમને ઘણા સમયથી સારણગાંઠ થઈ હતી. સારણગાંઠનું પ્રાઈવેટ હોસ્પિટલમાં ઓપરેશન કરવા માટેની ડોક્ટરે જણાવ્યું હતું. પરંતુ પરિસ્થિતિ નબળી હોવાના કારણે પ્રાઈવેટ હોસ્પિટલમાં ખર્ચ કરીને ઓપરેશન કરી શકાય તેમ ન હતું. ત્યારે તેમને સંતરામપુર આયુષ્માન ભારત સરકાર કાર્ડ કરાવેલું હતું. આના મારફતે મહિસાગર જિલ્લામાં લુણાવાડામાં આવેલી આયુષ હોસ્પિટલ આ કાર્ડની મંજૂરી પ્રાપ્ત કરી હતી. આ આયુષ્યમાન કાર્ડની આધારે હોસ્પિટલમાં દાખલ કરીને સારંગ ગાંઠનું ઓપરેશન કરવામાં આવેલું હતું અને ઓપરેશન પણ સંપૂર્ણ રીતે સફળ રહ્યું હતું કે ગરીબ વ્યક્તિને કાર્ડની આધારે આશરે ૪૦ થી ૫૦ હજાર જેટલો ઓપરેશનનો ખર્ચ બચી ગયો હતો. લાભાર્થીએ ઓપરેશન થયા પછી અને રજા આપ્યા પછી દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને આયુષ હોસ્પિટલમાં તમામ આપનો આભાર વ્યકત કર્યો હતો. હોસ્પિટલમાં રજા આપતી વખતે સરકારના નિયમ મુજબ પેશન્ટ લાભાર્થીને ૩૦૦ રૂપિયા ભાડું ચૂકવ્યું હતું. આ રીતે કેન્દ્ર સરકારની આયુષ્યમાન કાર્ડ ભારતની યોજનાનું લાભ લીધો હતો. પેશન્ટ જાવેદ ખાન બશીર ખાન પઠાણ ઉર્ફે સદ્દામભાઈ આજના પરિવારોએમાં સરકારી યોજનામાં ઓપરેશન થતાં પરિવારોમાં ખુશીની લહેર જોવા મળી હતી અને તમામ પરિવારોએ દેશના વડાપ્રધાન અને કેન્દ્ર સરકારનો આભાર વ્યકત કર્યો હતો. આયુષ્યમાન ભારત કાર્ડ અમારા માટે આશીર્વાદરૂપ સમાન છે.

# બોરસદમાં મોડી રાતે બે જૂથ વચ્ચે થયો પથ્થરમારો, પોલીસકર્મીને છરી વાગતા હાલત ગંભીર

આણંદ,

બોરસદમાં શનિવારે મોડી રાત્રીના એક વાગ્યાની આસપાસ બ્રાહ્મણવાળા વિસ્તારમાં બે કોમ વચ્ચે પથ્થરમારો થયો હતો. જેના કારણે પરિસ્થિતિ તંગ બની ગઈ હતી. આ પથ્થરમારો આશરે બે કલાક જેટલો ચાલ્યો હતો. આ પથ્થરમારાની સ્થિતને નિયંત્રણમાં લેવા માટે સ્થાનિક પોલીસ દ્વારા ૫૦ ટિયર ગેસ છોડવાની ફરજ પડી હતી. આ સાથે ૩૦ જેટલી રબર બુલેટનું પણ ફાયરિંગ કર્યું હતુ. આ બબાલ દરમિયાન એક પોલીસ કર્મીને પેટમાં છરી વાગતા ગંભીર ઈજા પણ પહોંચી હતી. જેથી તેમને સારવાર માટે વડોદરાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, શહેરમાં બે કોમ વચ્ચે ભારે અથડામણ બાદ પથ્થરમારો થયો હતો. હનુમાન મંદિર પાસે સ્થાનિક નાગરિક પર ચપ્પાથી હુમલો થયો હતો જે બાદ વિવાદ વકર્યો હતો. જે બાદ Sp DySp સહિત સ્થાનિક પોલીસની ટુકડીઓ બોરસદમાં ખાબકી દેવામાં આવી હતી. તોફાની ટોળાએ શહેરના દેરાસર પાસે લગાવેલા CCTVને પણ નુકશાન પહોંચાડ્યુ હતુ.

પોલીસ તારીખ ૧૧-૦૬-૨૦૨૨ના રોજ રાત્રીના સડા નવ વાગ્યાની આસપાસ શહેરમાં એક ધાર્મિક સ્થળ છે જેની બહાર એક વિવાદીત પ્લોટ આવેલો છે. આ પ્લોટમાં અન્ય ધાર્મિક સમુદાયના લોકો ઈંટો નાંખતા હતા. જે બાબતે બંને કોમના લોકો વચ્ચે બોલાચાલી થઈ હતી. જે બાદ સ્થાનિક પોલીસના માણસોએ બંને કોમના લોકોને સમજાવ્યું હતુ કે, આ વિવાદિત પ્લોટ છે તેના પ્રશ્નનું નિરાકરણ ન આવે ત્યાં સુધી શાંતિ જાળવો. આ સાથે નગરપાલિકાના પ્રમુખ અને તેમની ટીમે પણ બંને કોમના લોકોને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ એક કોમના લોકોએ અન્ય કોમના લોકો પર માથાકૂટ અને ઝઘડો કર્યો હતો.

જે બાદ લોકોના ટોળેટોળા સામસામે આવી ગયા હતા જેમને વિખેરવા માટે પોલીસે ૫૦ જેટલા ટિયરગેસ છોડવા પડ્યા હતા અને સાથે ૩૦ જેટલી રબર બુલેટનું ફાયરિંગ પણ કર્યું હતુ. હાલ સ્થિતિ કાબુમાં છે. બે એસ.આર.પીની ટુકડીઓને પણ તહેનાત કરી દેવામાં આવી છે.

# વડોદરામાં ૨૪ કલાકમાં ૩૩ નવા કેસ નોધાયા

વડોદરા,

છેલ્લા કેટલાક દિવસથી રાજ્યમાં કોરોના કેસમાં વધારો નોધાઈ રહ્યો છે. જેમાં વડોદરા ખાતે ફરી એકવાર કોરોના માથું ઊંચકી રહ્યો છે. વડોદરા ખાતે કોરોના કેસમાં વધારો નોધાતા તંત્રની ચિંતામાં વધારો થયો છે. રાજ્યના આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર વડોદરા ખાતે છેલ્લા ૨૪ કલાકમાં ૩૩ નવા દર્દીઓ નોધાયા છે. જ્યારે ૮ દર્દીઓ ઑક્સીજન સપોર્ટ ઉપર છે. જ્યારે જીલ્લામાં ૧૮૨ લોકોને કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જીલ્લામાં કોરોનાના એક્ટિવ કેસની કુલ સંખ્યા ૧૧૧ થઈ છે. જેમાં પણ પશ્ચિમ વિસ્તારમાં કોરોનાના સૌથી વધુ કેસ સામે આવ્યા છે. ગોત્રી, જેતલપુર, અકોટા, સમા સહિતના વિસ્તારમાં કોરોના કેસમાં મોટો ઉછાળ જોવા મળ્યો છે. રણુ, સેજાકુવા, છાણી, ઊંડેરામાં પણ કોરોનાના કેસમાં ઉછાળો આવતાં તંત્ર ચિંતિત બન્યું છે. જિલ્લાભરમાં કોરોના કેસમાં ચિંતાજનક રીતે મોટો ઉછાળ જોવા મળ્યો છે. સાથે રાજ્યમાં પણ સતત કોરોના કેસનો ગ્રાફ વધી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૫૪ નવા કેસ સામે આવ્યા છે જ્યારે એક્ટિવ કેસનો આંક ૭૦૦ ને પાર થઈ ગયો છે. રાજ્યમાં કોરોનાના કેસનો આંક ૧૫૦ ને પાર થયો હોય તેવું ૧ માર્ચ બાદ પ્રથમવાર બન્યું છે. છેલ્લા ૧૧ દિવસમાં જ રાજ્યમાંથી કુલ ૯૧૦ વ્યક્તિ કોરોના સંક્રમિત થઈ ચૂકી છે.જેમાં ૫૦ ટકા કેસ માત્ર અમદાવાદએ વડોદરા ખાતે નોધાઈ રહ્યા છે. જે ખરેખ ચિંતા ઉપજાવે તેવી બાબત છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કુલ ૫૮ દર્દી કોરોનાથી સાજા થયા છે. અત્યારસુધી રાજ્યમાં કુલ ૧૨,૧૪,૪૬૩ દર્દી કોરોનાને હરાવી ચૂક્યા છે અને સાજા થવાનો દર ઘટીને ૯૯.૦૫ ટકા છે. શનિવારે કુલ ૪૩૧૩૩ દ્વારા કોરોના વેક્સિન લેવામાં આવી હતી. આ સાથે જ કુલ વેક્સિનેશન ડોઝ હવે ૧૧.૦૫ કરોડ છે. આ પૈકી ૩૬.૦૧ લાખ દ્વારા પ્રીકોશન ડોઝ લેવામાં આવ્યો છે.

# અમદાવાદમાં પેટ્રોલની અછતની અફવા વચ્ચે, લોકોએ મધરાતે ઊંઘમાંથી જાગી પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો લગાવી

અમદાવાદ,

ગત રાત્રિ શનિવારના રોજ અમદાવાદ સહિત ગુજરાતના વિવિધ જીલ્લામાં પેટ્રોલની અછતની અફવા ફેલાઈ હતી. જેને લઈ અમદાવાદ સહિત અન્ય જિલ્લામાં પેટ્રોલ પંપ ઉપર લાંબી લાઈનો જોવા મળી હતી. અફવાને પગલે લોકો મોટી સંખ્યામાં પેટ્રોલ ભરાવવા માટે ઉમટી પડ્યા હતા. અને પેટ્રોલ પંપ ઉપર આશરે ૧ કિમી લાંબી લાઈનો જોવા મળી હતી.

ખાડી દેશ દ્વારા ભારતને ક્રૂડ આપવાની ના પાડવાની અફવા વાયુ વેગે ફેલાઈ હતી. અને જેને લઈ અમદાવાદ સહિત અન્ય જિલ્લામાં લોકો પેટ્રોલપંપ પર એક સાથે પેટ્રોલનો સ્ટોક કરાવવા માટે ધસી આવ્યા હતા. અને પરિણામ સ્વરૂપ રાત્રિના સમયે પેટ્રોલ પંપ ઉપર ૧ થી બે કિમી જેવી લાબી લાઈનના દ્રશ્યો જોવા મળ્યા હતા. સોશિયલ મીડિયામાં પણ આગામી ચાર દિવસ સુધી પેટ્રોલ ની સપ્લાય અટકી જશે તેવા વાઈરલ મેસેજ જોવા મળ્યા હતા. જેને લઈ લોકોએ પણ પોતાના વાહનોમાં પેટ્રોલ ટેક ફૂલ કરાવવા માટે વિવિધ પેટ્રોલ પંપ ઉપર દોડી ગયા હતા. અને લાંબી લાઈનો લગાવી હતી. જેમાં અમદાવાદ શહેર સહિત આસ પાસના વિવિધ જિલ્લાઓમાં પણ લાંબી લાઈનો જોવા મળી હતી. તો પેટ્રોલ પંપ ઉપર લાંબી લાઈનો થતાં આસપાસના વિસ્તારમાં ટ્રાફિક જમણા દ્રશ્યો જોવા મળ્યા હતા. જો કે પેટ્રોલ પંપ એસોશિએશન દ્વારા આ મેસેજ અને અફવા ખોટી અને વાહિયાત હોવાનું જણાવવામાં આવ્યું હતું. અને પેટ્રોલનો પૂરતો જથ્થો હોવાનું પણ જણાવ્યુ હતું. અને આવી ખોટી અફવા અને મેસેજ તરફ ધ્યાન નહીં આપવા જણાવ્યુ હતું.

# સંતરામપુર સત્યપ્રકાશ સોસાયટીમાં હાઈ વોલ્ટેજ વધવાથી વિજ ઉપકરણોને નુકશાન



સંતરામકપુર,

સંતરામપુર નગર સત્યપ્રકાશ સોસાયટીમાં રાત્રીના સમયે વોલ્ટેજ વધવાના કારણો ઈલેક્ટ્રિક આઈટમ થયેલું નુકસાન સંતરામપુર નગરમાં આવેલી સત્ય પ્રકાશ સોસાયટીમાં આશરે ૪૦થી ૫૦ મકાનોમાં વોલ્ટેજ વધવાના કારણે સોસાયટી વિસ્તારના રહીશોના મકાનોમાં ઈલેક્ટ્રોનિક વસ્તુઓને થયેલું નુકશાન એસી કુલર પંખા વગેરે આઈટમો ગઈ હતી અને મોટા પાયે નુકસાન થયું હતું. મકાનની અંદર દરેક વસ્તુ ને નુકસાન થયું હતું. અચાનક એકદમ વોલ્ટેજ વધવાથી ઈલેક્ટ્રિક આઈટમ હોમાઈ ગઈ હતી અને ઘરની અંદર આવી રીતે વસ્તુઓની થયું હતું. વિસ્તારના તમામ ઘરોમાં નુકસાન થવા પામ્યું હતું. મધ્ય ગુજરાત વીજ કંપની તંત્રની બેદરકારીના કારણે ઈલેક્ટ્રોનિક વસ્તુઓ પડી ગઈ હતી. વોલ્ટેજ વધી જવા જેવી બલપતૃટી જવાથી નીચે પડ્યા વર્ષ દરમિયાન વિસ્તારના રહીશોની નુકસાન થવા પામ્યું હતું. દરેકના મકાનોમાં ૫ થી ૧૦ જેટલી આઈટમો બળી ગઈ હતી. ભુપેન્દ્રભાઈ ગણાસવા મારા ઘરની અંદર અચાનક એકદમ વોલ્ટેજ વધી જવાથી મારા ઘરની અંદર એસી એલઈડી પંખા ટ્યુબલાઇ પાણીની મોટર દરેક વસ્તુ ઉડી ગઈ અને બળી ગઈ અને મોટાપાયે નુકસાન થયું છે. તેનો જવાબદાર કોણ એમ યુજીસીની બેદરકારીના કારણે આજે મારા ઘરની દરેક વસ્તુઓ નુકસાન થયું છે.બી.પી. ગણાસવા સત્ય પ્રકાશ સોસાયટી રહીશ સંતરામપુર ત્યારે બાજુમાં રહેતા રોહિતભાઈ જણાવેલું કે આવી રીતે વોલ્ટેજ વધવાથી મારા ઘરમાં દરેક આઈટમો અને બલ્બ લગાવી લો વોલ્ટેજના ઝટકા આવવાથી નીચે પડ્યો હતો. આ રીતે સોસાયટીના દરેક રહીશું ઘરે ઈલેક્ટ્રીક વસ્તુઓને મોટા પાયે નુકસાન થવા પામ્યું છે, પરંતુ મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા આજદિન સુધી પોતાની કામગીરીમાં જવાબદારી નિભાવી નથી તેમની બેદરકારીના કારણે આવી મોંઘવારીમાં મોંઘી ઈલેક્ટ્રિક આઈટમ નુકસાન થવા પામ્યું હતું. વારંવાર આવી ઘટના બનતી હોય છે. ત્યારે તંત્ર દ્વારા અલગ-અલગ જગ્યાએ ટ્રાન્સપોર્ટેશન મૂકવું જોઈએ જેથી કરીને અમને નુકસાન થતું અટકી શકે સંતરામપુર એક સમયે એક સાથે એક જ વિસ્તારની અંદર ૪૦થી ૫૦ મકાનોની ઈલેક્ટ્રિક આઈટમ ઉડી ગઈ.

# કડાણા તાલુકાના લપાણીયા ગામે આદિવાસી પરીવાર દ્વારા ચિંતન શિબિરનું આયોજન

મલેકપુર,


મહિસાગર જિલ્લામાં કડાણા તાલુકાના લપાણીયા ગામ ખાતે આદિવાસી પરિવાર દ્વારા ચિંતન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં મોટી સંખ્યામા આદિવાસી સમાજના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

આદિવાસી ચિંતન શિબિરમાં ગ્રામસભા, આદિવાસી સંસ્કૃતિની ઓળખ, આદિવાસી સમાજના સિંચન બચાવ અધિકારો અને વિકાસ માટેની બંધારણીય કલમો, આદિવાસી રૂઢિ અને પરંપરાઓ, પાંચમી અને છઠ્ઠી અનુસૂચિ, અંધ શ્રદ્ધા અને કુરિવાજો થી થતી બરબાદીઓ, આદિવાસીઓનો ઈતિહાસ અને વર્તમાન પરિસ્થિતિ તથા આદીવાસીઓ નાં પ્રાણ પ્રશ્નો અને તે પ્રશ્નો ના ઉકેલ વગેરે બાબતે ચર્ચાઓ કરવામાં આવી હતી.

આ આદિવાસી ચિંતન શિબિર માં આદિવાસી સમાજ ના રાજસ્થાન ના શુભ ચિંતક ભવર લાલ પરમાર, સદજી ગુરૂજી તથા બીજાં અને શુભ ચિંતકોએ આદિવાસી સમાજ ના વિકાસ અને જાગૃતિ માટે શું કરી શકાય તે વિષયો તરફ જીણવટ પૂર્વક આંગળી ચિંધી હતી તથા આદિવાસી સમાજને પોતાની સંસ્કૃતિ, રીત રિવાજો, પરંપરાઓ, બોલી, ભાષા, પ્રકૃતિ પૂજા વિધિઓ, રહેણી કરણી, વગેરે બચાવી સિંચન કરવા માટે નાં સૂચનો પણ આપવામાં આવ્યાં હતાં.

આ ચિંતન શિબિરમાં મહિસાગર જિલ્લાના અનેક ગામોના આદિવાસી સમાજના અંદાજે ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલાં લોકો ઊમટી પડ્યા હતા. અહીં મહિસાગર જિલ્લા ઊપરાંત દાહોદ જિલ્લાનાં તથા રાજસ્થાન રાજ્યના આદિવાસી પરિવારના શુભ ચિંતકો એ પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને આદિવાસી એકતાનું ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું.

# ગરબાડામાં સ્થાનિક તંત્ર દ્વારા સરકારી નાણાંનો દુરૂપયોગ


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

આમ તો ગરબાડા ગામના તળાવની આસપાસ મહિલાઓને કપડાં ધોવા માટે અનેક ઘાટ આવેલ છે. સ્થાનિક તંત્ર દ્વારા તેની નિયમિત સફાઈ કરવાની પણ તસ્દી લેવામાં આવતી નથી. જે એક કડવું સત્ય છે. તેમ છતાં હાલમાં થોડા સમય પહેલાં જ રામદેવપીરના મંદિરની પાસે લાખો રૂપિયાનો ખર્ચ કરીને નવીન ઘાટ બનાવવામાં આવ્યો. જેનો આજદિન સુધી ઉપયોગ થયો નથી. પરિણામે હાલમાં આ ઘાટ ગંદકીથી ખદબદી રહ્યો છે. સ્થાનિક તંત્ર સારી રીતે જાણે છે કે ક્યાં આગળ કઈ વસ્તુ બનાવાય તેમ છતાં નવીન ઘાટ બનાવવામાં આવ્યો છે. જે જોતાં એમ લાગી રહ્યું છે કે સરકારી નાણાંનો દુરૂપયોગ કરવામાં આવી રહ્યો છે. જ્યાં જ જે વસ્તુની જરૂર હોય ત્યાં તે કામ થાય તો તે યોગ્ય છે.

# નુપુર શર્માની મુશ્કેલી વધી, બંગાળમાં કેસ નોંધાયો

કોલકતા,

દેશભરમાં પયગંબર મોહમ્મદ પરની ટિપ્પણીનો વિવાદ અટકવાનું નામ નથી લઈ રહ્યો. દરમિયાન, પયગંબર મોહમ્મદ વિવાદમાં ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલા નુપુર શર્માની મુશ્કેલીઓ ધીમે ધીમે વધી રહી છે. નુપુર શર્મા વિરુદ્ધ પયગંબર વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરવા બદલ FIR નોંધવામાં આવી છે. પૂર્વ મિદનાપુરના કોંટાઈ પોલીસ સ્ટેશનમાં ટીએમસી લઘુમતી સેલ દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળના પૂર્વ મિદનાપુરના કોંટાઈ પોલીસ સ્ટેશનમાં નુપુર શર્મા વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે આઈપીસીની કલમ ૧૫૩, કલમ ૫૦૪, કલમ ૫૦૫(૨), કલમ ૫૦૬ હેઠળ કેસ નોંધ્યો છે. નૂપુર શર્મા વિરુદ્ધ આ પહેલા પણ ઘણા કેસ નોંધાયેલા છે. પશ્ચિમ બંગાળના મિદનાપુરમાં પયગંબર વિવાદમાં ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલા નુપુર શર્મા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. નુપુર શર્મા વિરુદ્ધ આ ફરિયાદ પૂર્વ મિદનાપુરના કોંટાઈ પોલીસ સ્ટેશનમાં TMC લઘુમતી સેલ દ્વારા દાખલ કરવામાં આવી છે. આ પહેલા, મુંબઈ પોલીસે નૂપુર શર્માને પયગંબર મોહમ્મદ વિશેની વિવાદાસ્પદ ટિપ્પણી માટે બીજી વખત સમન્સ જારી કર્યું હતું. મુંબઈ પોલીસે નુપુર શર્માને ૨૫ જૂને તેનું નિવેદન નોંધવા માટે સમન્સ પાઠવ્યું છે. ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલા નુપુર શર્મા વિરુદ્ધ મુંબઈ, થાણે અને પાયધોનીમાં પણ કેસ નોંધાયેલા છે. મુંબ્રા પોલીસે નુપુર શર્માને સમન્સ પાઠવ્યું છે. પોલીસે નુપુરને ૨૨ જૂને હાજર થવા માટે કહ્યું છે. નુપુર શર્મા વિરુદ્ધ પાયધોનીમાં ફૈઈ નોંધવામાં આવી છે. રઝા એકેડેમી દ્વારા તેમની સામે આ કેસ નોંધવામાં આવ્યો હતો. આ સિવાય નુપુર શર્મા વિરુદ્ધ દિલ્હીમાં પણ કેસ નોંધાયેલ છે. દિલ્હી પોલીસે નુપુર શર્મા અને નવીન જિંદાલ, અસદુદ્દીન ઓવૈસી, વિવાદાસ્પદ સંત યતિ નરસિમ્હાનંદ વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે. આ તમામ સામે કથિત રૂપે સાર્વજનિક શાંતિમાં ખલેલ પહોંચાડવા અને સોશિયલ મીડિયા પર લોકોને ઉશ્કેરતા મેસેજ પોસ્ટ અને શેર કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે.

# લુણાવાડા પેટ્રોલ પંપ ઉપર ડીઝલ ન હોવાના બોર્ડ લગાડવામાં આવતા વાહન ચાલકોને હાલાકી



લુણાવાડા,

લુણાવાડાના પેટ્રોલ પંપ ઉપર ડીઝલ ન હોવાના બોર્ડ લાગ્યા છે. ત્યારે પેટ્રોલ ન હોવાની અફવાના પગલે પેટ્રોલ પંપો ઉપર વાહનોની પેટ્રોલ ભરાવવા માટે લાંબી લાઈનો લાગી હતી. ડીઝલ ન મળતાં લુણાવાડામાં વાહન ચાલકોને હાલાકી વેઠવી પડે છે.

મહિસાગર જીલ્લાના લુણાવાડામાં પેટ્રોલ પંપ ઉપર ડીઝલ ન હોવાના બોર્ડ લગાડવામાં આવ્યા છે. ડીઝલ ન હોવાના બોર્ડ સાથે જ અફવા ફેલાઈ હતી કે, પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ પણ નથી. આવી અફવા સાથે વાહન ચાલકો પોતાના વાહનોમાં પેટ્રોલ ભરાવવા માટે પેટ્રોલ પંપ ઉપર લાઈનો લગાવી હતી પરંતુ પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ સ્ટોક પુરતા પ્રમાણમાં છે. માત્ર ડીઝલનો જથ્થો ન હોવાથી બોર્ડ લગાડવામાં આવ્યા છે. પેટ્રોલ પંપ ઉપર ડીઝલ ન હોવાને લઈ ડીઝલ વાહન ધરાવતા વાહન ચાલકોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે.

# આપની આજ.......

મેષ : આજે મેષ રાશિના લોકોનું કોઈપણ અધૂરું કાર્ય પૂર્ણ થશે. પુત્ર કે પુત્રીને લગતા કોઈપણ વિવાદનું સમાધાન પણ કરવામાં આવશે. સુખી વ્યક્તિત્વ હોવાને કારણે અન્ય લોકો તમારી સાથે સંબંધ રાખવાનો પ્રયાસ કરશે.

વૃષભ : આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે અને હિંમતભેર તમારા મુશ્કેલ કાર્યો પૂરા કરવામાં સમર્થ થશો. પર્યાપ્ત સહયોગથી તમને તમારા માતા-પિતાનું સુખ મળશે. શરીરમાં પીડાને કારણે પત્નીને થોડી મુશ્કેલી થઈ શકે છે.

મિથુન : આજે મિથુન રાશિના લોકો માટે સમજદારીપૂર્વક નવા વિચારોની શોધખોળ કરવામાં દિવસ પસાર થશે. તમે ફક્ત મર્યાદિત અને જરૂરી ખર્ચ કરો છો. તમને તમારા પરિવારના સભ્યોથી દગાની સંભાવના છે. સાંજથી રાત સુધીની સાંજની સફર પણ થઈ શકે છે.

કર્ક : આજે કોઈ વ્યક્તિ, બેંક અથવા સંસ્થા પાસેથી લોન ના લો, તે લોનમાંથી બહાર ઉતરવું મુશ્કેલ બનશે. જૂના મિત્રોનો સહયોગ મળશે અને સારા મિત્રોમાં પણ વૃદ્ધિ થશે. આજે તમને તમારી પત્ની તરફથી સારો સહયોગ મળી શકે છે. રાત્રિનો સમય આનંદમાં વિતાવશો.

સિંહ : આજનો દિવસ તમારા માટે સારો છે. આજે તમારા હક અને સંપત્તિમાં વધારો થશે. તમે બીજાના સારા વિશે વિચારશો અને હૃદયથી સેવા પણ કરશો. આજે તમારી પાસે તમારા ગુરુ પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા અને વફાદારી છે.

કન્યા : આજે કન્યા રાશિના લોકો માટે મિશ્રિત ફળનો દિવસ છે. માનસિક અશાંતિ, ચિંતાને કારણે તમે ભટકી શકો છો. માતા-પિતાના ટેકા અને આશીર્વાદ રાહત આપશે. આજે સાસરિયાઓ તરફથી નારાજગીના સંકેત મળશે.

તુલા : આજે તુલા રાશિના લોકોને કિંમતી વસ્તુઓ મળી શકે છે. પરંતુ આ સાથે બિનજરૂરી ખર્ચા પણ સામે આવશે, જેને તેઓ ઈચ્છતા ન હોય તો પણ મજબૂર થઈ કરવા પડશે. સાસરિયાઓ તરફથી તમને માન મળશે.

વૃશ્ચિક : આજે વધુ વ્યસ્ત રહેશો. પરંતુ આસપાસ ભાગદોડમાં સાવચેત રહો. પગમાં ઈજા થવાનો ભય છે. તમારા નિર્ણયની ક્ષમતાઓનો આજે તમને લાભ મળી શકે છે. આજે અટકેલા કામ પૂરા થશે.

ધન : આજે ધન રાશિના લોકોનું મન ચંચળ રહેશે. આને કારણે ઘણી બધી સમસ્યાઓ પણ ઊભી થઈ શકે છે. એટલું જ નહીં, વ્યવસાયના વિકાસ માટે કરવામાં આવેલા પ્રયત્નો આજે નિરર્થક થઈ શકે છે.

મકર : આજે મકર રાશિના લોકોએ વ્યર્થ ખર્ચ ટાળવો જોઈએ. જો તમે કોઈ શારીરિક રોગથી પીડિત છો તો આજે તેમાં વધારો થઈ શકે છે. પરંતુ સાંજ સુધી આરામ મળી રહેશે. સામાજિક પ્રવૃત્તિઓમાં વિક્ષેપ રહેશે.

કુંભ : આજે કુંભ રાશિના લોકોનું જ્ઞાન વધશે. તમારામાં દાન અને દાનની ભાવનાનો વિકાસ થશે. ભાગ્ય તરફથી પણ તમને પૂરો સહયોગ મળશે. આર્થિક સ્થિતિ મજબૂત રહેશે. સાંજથી રાત સુધી પેટની બીમારી થવાની સંભાવના છે.

મીન : મીન રાશિના લોકો માટે આજનો દિવસ સારો રહેશે. તમારી મહેનતથી તમને સારા પરિણામ મળશે. તમારા બાળક પ્રત્યેની તમારી શ્રદ્ધા વધુ મજબૂત થશે. આજે મોસાળ તરફથી પ્રેમ અને વિશેષ સહયોગની સંભાવના છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## ૮ વર્ષના પ્રેમસંબંધનો કરૂણ અંત :

# દાહોદના કઠલા ગામની યુવતીએ પ્રેમી સાથે મળી ૩૦ હજારની સોપારી આપી : પતિનું લોકેશન લઇ રસ્તામાં જ કરાવી હત્યા

દાહોદ,

દાહોદ તાલુકાના કઠલા ગામની યુવતિએ પ્રેમી સાથે મળીને ૪ માસ પહેલાં જ જેની સાથે પ્રભુતામાં પગલા પાડ્યા હતા. તે પતિની ૩૦ હજાર રૂપિયાની સોપારી આપીને હત્યા કરાવી નાખી હતી. આ હત્યામાં કઠલા, વડબારા અને ઈટાવા ગામના યુવાનોના નામ ખુલ્યા છે. મેઘનગરથી કઠલા આવતાં પતિનું લોકેશન મેળવીને યુવતિએ જ હત્યારાઓને આપ્યા બાદ અપહરણ કરીને ગળેટુંપો દઈને લાશ જંગલમાં ફેંકી દેવાઈ હતી. ઝાબુઆ પોલીસે હાલ યુવતિ અને તેના પ્રેમીની ધરપકડ કરીને ફરાર ત્રણ હત્યારાઓની શોધખોળ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ તાલુકાના કઠલા ગામમાં રહેતી આરતીના લગ્ન જાન્યુઆરી માસમાં મધ્ય પ્રદેશના મેઘનગર ગામના લકી પંચાલ સાથે થયા હતાં. આરતીને કઠલા ગામના જ ગામના જ ૨૨ વર્ષિય રોહિત ભારત રાજપુર સાથે છેલ્લા ૮ વર્ષથી પ્રેમ સબંધ હતો. લગ્ન બાદ રોહિત અને આરતી વચ્ચેનો સંપર્ક તુટી ગયો હતો પરંતુ દોઢ મહિના પહેલાં બંને વચ્ચે ફરી વાતચીત શરૂ થતાં બંનેએ એક બીજા સાથે રહેવાનું નક્કી કર્યુ હતુ પરંતુ લકી તેમાં આડખીલી રૂપ હતો. જેથી તેનો કાંટો કાઢવા માટે આરતી અને રોહિતે ગુનાઈત કાવતરાના ભાગ રૂપે કઠલા ગામના બચુ ઉર્ફે બચુ કટ્ટુ ભુરિયા, ઈટાવા ગામના પપ્પુ કાલુ સાંગાડિયા અને વડબારા ગામના રણજીત છીતુ નિનામાને લકીને મારી નાખવા માટે ૩૦ હજાર રૂપિયાની સોપારી આપી હતી. કઠલા આવેલી આરતીને તેડવા માટે લકી ૩૧ મેના રોજ આવવાનો હતો તે વખતે જ તેની હત્યાનું કાવતરૂ ઘડી કઢાયુ હતું. જોકે, કોઈ કારણોસર તે આવી શક્યો ન હતો.ત્યારે બાદ ૪ જુનના રોજ સાંજના પાંચ વાગ્યે તે કઠલા આવવા નીકળ્યો હતો.ત્યારે આરતી વારંવાર ફોન કરીને તેણે ઝાબુઆ છોડ્યુ કે નહીં તેની પુછપરછ કરીને લોકેશન મેળવવામાં જોતરાઈ હતી. બાઈક ઉપર આવતાં લકીએ ઝાબુઆ છોડ્યા બાદ કારમાં સવાર બચુ, પપ્પુ અને રણજીતે તકનો લાભ લઈને તેનું અપહરણ કરી લીધુ હતું. ત્યાર બાદ ગળે ટુંપો દઈને હત્યા કરીને મૃતદેહ પીપલોદાબડા ગામમાં રોડથી ૧૫૦ મીટર અંદર જંગલમાં નાખી દીધો હતો. ઝાબુઆ એસ.પી અરવીંદ તીવારીએ જમાવ્યુ હતુ કે, આરતી અને રોહિતની ધરપકડ કરી લેવાઈ છે.

હત્યા કરનારા ત્રણ લોકોમાં એક રોહિતનો જુનો મિત્ર છે, બીજો તેના જ ડીજે ઉપર કામ કરતો કર્મચારી છે જ્યારે ત્રીજાનું કનેક્શન શોધવામાં આવી રહ્યું છે. આ ત્રણે યુવકો હાલ ફરાર છે તેમની શોધખોળ ચાલુ છે. કાર અને લકીની બાઈકનો પણ હાલ સુધી કોઈ જ પત્તો મળ્યો નથી.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

### રેલવે ટ્રેક ઉપર પણ તપાસ કરાઈ હતી

૪ જૂન શનિવારના રોજ ઘરેથી નીકળેલો લકી સાંજ સુધી કઠલા નહીં પહોંચતા પરિવારના લોકોએ શોધખોળ શરૂ કરી હતી. છેલ્લે સાંજના છ વાગ્યે તેનું લોકેશન ઢાઢનિયા ગામ પાસે જોવા મળ્યુ હતું. ત્યાર બાદ મોબાઈલ બંધ થઈ ગયો હતો. જેથી ઢાઢિનિયા ગામમાંથી પસાર થતાં દિલ્હી-મુંબઈ રેલવે ટ્રેક ઉપર પણ તેની તપાસ કરાઈ હતી. ૫મી તારીખના રોજ તેનો મૃતદેહ જંગલમાંથી મળી આવતાં પોલીસે તપાસનો દોર લંબાવતાં મોટો ઘટસ્ફોટ થયો હતો.

- કઠલા, વડબારા, ઈટાવાના યુવકોની સંડોવણી.
- કઠલાની યુવતીએ ડીજે સંચાલક પ્રેમી સાથે મળીને રચેલો કારસો.
- ચાર માસ પહેલાં જ મેઘનગરના યુવક સાથે લગ્ન થયા હતા.
- યુવતી અને પ્રેમીની ઝાબુઆ પોલીસ દ્વારા ધરપકડ કરાઈ.
- ગળે ટૂંપો આપી લાશ પીપલો- દાબડાના જંગલમાં ફેંકી દીધી હતી.

### કઈ રીતે ભેદ ઉકેલ્યો

લકીનો મૃતદેહ મળ્યા બાદ તેની આંખ ઉપર બાંધેલી પટ્ટી અને ગળે ટુંપો આપેલો ગમછો ઘટના સ્થળેથી મળ્યો હતો. પોલીસે પ્રથમ ઘરના નોકરની પુછપરછ કરી હતી પણ કોઈ કડી મળી ન હતી. આરતીની પુછપરછમાં તેની પર થોડી શંકા ગઈ હતી. પ્રેમ સબંધ વાળી વાત જાણવા મળતાં રોહિતને ઉચકતા તેના અને આરતીના નિવેદન જુદા પડ્યા હતાં. તપાસના અંતે બંને ભાગી પડતાં તેમણે જ સોપારી આપીને લકીની હત્યા કરાવ્યાનો ઘટસ્ફોટ થયો હતો.

# સંજેલી તાલુકા મથકે ચાલી ફળિયા પોસ્ટ ઓફિસ ગલી વાળા દબાણ અને વિવાદવાળા રસ્તાની DDOએ સ્થળ તપાસ કરી

સંજેલી,

સંજેલી તાલુકા સેવાસદનથી મુખ્ય માર્ગ અને પોસ્ટ ઓફીસ ચાલી ફળીયા કુંભાર ફળિયા સહિતના રસ્તાઓ ગટર સાથે મંજુર થતા કોન્ટ્રાક્ટર દ્વારા પોસ્ટ ઓફિસ ફળિયાની રસ્તાની કામગીરી હાથ ધરતા દબાણ દૂર કરી રસ્તો બનાવવા માટે વિવાદ વંટોળ શરૂ છ માસથી રસ્તાની કામગીરી અટકી પડી હતી. જેનું બે દિવસથી કામગીરી શરૂ થતા ફરી આજે વિવાદ શરૂ થતાં ટીડીઓએ તાલુકાની ટીમ સાથે સ્થળની તપાસ હાથ ધરી હતી અને વિવિધ સૂચનો કર્યાં હતાં.

સંજેલી ગ્રામ પંચાયતમાં છેલ્લા બે વર્ષથી વિકાસ રૂંધાઈ રહ્યો છે. નગરમાં સ્ટ્રીટ લાઈટ રસ્તાઓ ગટર સ્વચ્છતા સહિતની અ સુવિધાઓથી લોકો પરેશાન થઈ રહ્યાં છે. સંજેલી તાલુકા સેવાસદનથી સંતરામપુર ચોકડી ચાલી ફળિયું તળાવ ફળિયું અને કુંભાર ફળીયા વિસ્તારમાં ગટર સાથેના રસ્તાઓ કરોડો રૂપિયાના ખર્ચે મંજુર થયા છે. જે બાદ કોન્ટ્રાક્ટર દ્વારા ચાલી ફળિયા (પોસ્ટઓફિસ) રસ્તાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. પરંતુ સ્થાનિક આગેવાન અને માજી ડેપ્યુટી સરપંચ દ્વારા સરકારી જમીન પર થયેલા દબાણો ખુલ્લા કરી અને રસ્તાની કામગીરી કરવા માટેની તાલુકા જિલ્લા મથકે રજુઆત કરવામાં આવી હતી. જે બાદ જે તે સમયે જિલ્લા અધિકારી દ્વારા રસ્તાની કામગીરી બંધ કરાવી હતી. જેના કેટલાક મહિના બાદ ફરી બે દિવસ અગાઉ રસ્તાની કામગીરી શરૂ કરાતા વહેલી સવારે કામગીરી બંધ કરાવવા માટે રસ્તા પર જ સ્થાનિક આગેવાન દ્વારા રોડ પર ઈંટો ઠાલવી દેવામાં આવી હતી અને ફરી વિવાદ સર્જાતા જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી એ તાલુકા અધિકારી અને સરપંચની ટીમ સાથે પોસ્ટ ઓફિસ ફળિયામાં રસ્તાની કામગીરીની સ્થળ મુલાકાત લીધી હતી. સરકારી જમીન પર માથાભારે ઈસમો દ્વારા કેબીનો મૂકી અને ભાડે આપેલા હોવાને લઈને કેબીનોમાં ધંધો કરી રહેલા દુકાનદાર પાસે પહોચી અને જિલ્લા વિકાસ અધિકારીએ જાતે તેમને દુકાન કોની પાસેથી અને કેટલામાં ભાડે લીધી છે કે કેમ ? તે પણ જાત માહિતી મેળવી હતી. માથાભારે તત્ત્વો દ્વારા સરકારી જમીન ઉપર કેબીનો મુકી અને ભાડુ વસુલતા હોવાનું ધ્યાને આવતાં સરકારી જમીન પર થયેલા દબાણો દુર કરવા તાલુકા અધિકારીને નોટિસ ફટકારવાની અને દબાણો ખુલ્લા કરવા માટે જણાવ્યું હતું. જો કોઈ માથાભારે ઈસમો દબાણો ખુલ્લા ન કરે તો લેન્ડગ્રેબિનનો ગુનો દાખલ કરવા સહિતની તાલુકા અધિકારીને જિલ્લા વિકાસ અધિકારીએ સ્પષ્ટ સૂચના અપાતાં દબાણકારોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. સરપંચ તલાટી સહિત તાલુકા અધિકારીઓમાં દોડધામ મચી જવા પામી હતી.


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

# દે.બારીયા શહેરમાં ગુજરાત ગેસના દ્વારા ગેસ કનેકશનના જોડાણની પ્રક્રિયાની શરૂઆત થઈ

દે.બારીયા,

ગુજરાતની ગતિશીલ અને સંવેદનશીલના સંવાદને સાર્થક કરતા હર ઘર નલ સે જલની યોજના શહેરમાં ૯૦ ટકા કાર્ય થઈ ચુકયું છે. જેમાં સ્વચ્છ પીવાનું પાણી હજુ પણ વાંધા વચકા ચાલે છે. છેલ્લા ઘણા સમયથી પ્રદુષિત પાણી મળે છે. તેનો કોઈ જ પાણી પુરવઠા શાખા કોઈપણ સમાધાનકારી ઉપાય કરવા તૈયાર નથી. તેવું પ્રથમ નજરે લાગે છે. જ્યારે ગુજરાતની સરકારે ઘર ઘર ગેસના કનેકશન માટે જોડાણની પ્રકિયા માટે હાલમાં ગુજરાત ગેસ લીમીટેડના કર્મીઓ ઘરે ઘરે ફરીને ગેસના જોડાણ આપી રહ્યા છે. તે શહેરીજનો માટે એક અત્યંત ખુશીના સમાચાર છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા નગર પાલિકા વિસ્તારમાં ગુજરાત ગેસ લીમીટેડના દ્વારા કનેકશન ચાર્જ પત્રક રહેણાંક જોડાણો માટે આ મુજબ છે. રજીસ્ટ્રેશન ડીપોઝીટ (રીફન્ડેબલ) રૂા.૧,૦૦૦/ – (૨) રૂા.૨૦૦/–ના માસીક હપ્તા (રીફન્ડેબલ) રૂા.૪૦૦/– (૩) સ્ટેમ્પ ડયુટી માર્જીંગ (નોન રીફન્ડેબલ) લાગુ પડતા તમામ કરવેરા વગર રૂા.૩૦૦/– સાથે કુલ કનેકશન ચાર્જના રૂા.૫૩૦૦/– થવા પામે છે. એક કનેકશન એકવાર એક રસોડું ઉપરના ભાવ રસોડામાં એક કનેકશન (પોઈન્ટ) માટેના છે. જેમાં વધુમાં વધુ ૧૫ મીટર જી.એલ. પાઈપ કનેકશન વાલ્વથી ગેસ ટેપ સુધીનો સમાવેશ થાય છે. તેમજ પી.એન.જી. કનેકશનમાં વપરાયેલ સાધનો જેવાં કે, પાઈપ, વાલ્વ તથા મીટર, રેગ્યુલેટર વગેરેની માલીકી ગુજરાત ગેસ કંપનીની રહેશે. જ્યારે ગ્રાહકો આ સંપતિના કસ્ટડિયન તરીકે વર્તીને ગ્રાહકે તેની જાળવણી પોતે ગ્રાહકોએ કરવાની રહેશે અને કનેકશન વાલ્વ થી ગેસ ટેપ સુધીમાં ૧૫ થી જી.એલ. પાઈપનો ચાર્જ (નોન રીફન્ડેબલ) ગ્રાહકે ચુકવવાના રહેશે તેમજ ગ્રાહકોએ રહેણાંકના જરૂરી પુરાવા આ મુજબ રજુ કરવાના રહેશે. રેશનકાર્ડ, છેલ્લા ભરેલ વિજ બીલ અથવા છેલ્લા ભરેલો ટેલીફોન બીલ તથા ઓળખના જરૂરી પુરાવાઓ માંથી ચુંટણી ઓળખકાર્ડ અથવા આધારકાર્ડ તેમજ પાસપોર્ટ, ડ્રાયવીંગ લાઈસન્સ તેમજ પાનકાર્ડ રજુ કરવાના રહેશે. પોતાની માલિકીની મિલ્કત, મ્યુનીસીપલ મિલ્કત ફાળવણીનો પત્ર, રેશનકાર્ડ, ચુંટણીકાર્ડ, અથવા આધારકાર્ડ આ ત્રણ માંથી કોઈપણ એક પુરાવો આપવાનો ફરજીયાત રહેશે. અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે, રસોડામાં વધારાનો પોઈન્ટ તથા ગીઝર પોઈન્ટ માટે કંપનીના નિયમોનું અને ટેકનીકલ શકયતાના આધારે આપવામાં આવશે તેની જરૂરી નોંધ લેવી.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ શહેરમાં બપોરે વરસાદી ઝાંપટુ, આવતા વાતાવરણમાં પલટો, જોવા મળ્યો હતો. વાતાવરણ થી લોકોને ગરમીથી થોડી રાહત મળી હતી પણ થોડી વાર પછી બફારાનો લોકોને સામનો કરવો પડ્યો હતો. શું ખરેખર ગરમીથી થોડી રાહત છે કે પછી બીમારીનો સામનો તો ના કરવું પડે ?

# દાહોદ શહેરના બસ સ્ટેશન રોડ પર પોલીસ અને પાલિકાનો સપાટો



દાહોદ,

દાહોદ નગરપાલિકા દ્વારા ગઈકાલે રાત્રીના ભગિની સમાજથી ફૂડ કોર્ટ સુધી કેટલાક સદસ્યો તથા પોલીસ બંદોબસ્ત સાથે સ્થળ પર સાઈ તપાસ હાથ ધરી અને લારી ગલ્લાવાળાઓને સાઈ રાખવા તાકીદ કરી હતી. તેમજ ગંદકી કરતા વેપારીઓને રૂા.૮ હજારનો દંડ ફટકાર્યો હતો. ગઈકાલે રાત્રીના કેટલાક સુધરાઈ સદસ્યો પોલીસ બંદોબસ્ત તથા નગર પાલિકાના આરોગ્ય વિભાગના કર્મચારીઓ સાથે ભગિની સમાજ થી રાત્રી બજારમાં ઉભી રહેતી ખાણીપીણીની લારીઓ વાળાઓને તપાસ કરી સાઈ અંગે ધ્યાન રાખવા તથા લોકો ને શુધ્ધ ખોરાક આપવા તાકીદ કરી હતી. તેમજ ગંદકી કરનારાઓને રૂપિયા ૮ હજારનો દંડ કાર્યો હતો અને સાફ અભિયાન દરરોજ સાંજના છ થી રાત્રીના દસ સુધી કરવામાં આવશે. અંગે નગરપાલિકાના કારોબારી સમિતિના ચેરમેન લખન રાજગોરે જણાવ્યું કે, સ્માર્ટ સીટી અંતર્ગત ટુ ડોર કચરો ઉપાડતી એજન્સી જોડે જે તે સમયે દાહોદમાંથી દરરોજ ૪૫ ટન કચરો ઉપાડવાનો કોન્ટ્રાક્ટ થયો હતો પરંતુ હાલ દરરોજ ૫૦ ટન કચરો થતા હોય, વધારાનો કચરો ન ઉપાડતા ગંદકી વધી ગઈ છે.

# દાહોદ થી દિલ્હી-મુંબઈ રેલ લાઈન બોરડી નજીક ગુડસ ટ્રેનના ટેન્કરમાં ગેસ ગળતર થતાં અગ્નિશામક અને અધિકારી ઘટના સ્થળે દોડી આવ્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના મુખ્ય મથકથી પસાર થતાં દિલ્હી મુંબઈ રેલમાર્ગ પર બોરડી નજીક ગુડસ ટ્રેનના ટેન્કરમાંથી ગેસ ગળતર થતા રેલવેના ઉચ્ચ અધિકારીઓ સહિત અગ્નિશામક દળના લાશ્કરો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. જોકે સદ્નસીબે કોઈ જાનહાની બનવા પામી હતી. પરંતુ આ સમગ્ર ઘટના દરમ્યાન દિલ્હી મુંબઈ વચ્ચેનો રેલવે વ્યવહાર થોડા સમય માટે બંધ કરી દેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ થી પસાર થતો દિલ્હી–મુંબઈ રેલ માર્ગ પર બોરડી નજીકથી અત્યંત જ્વલનશીલ ગણાતા ગેસ ભરેલી ગુડ્સ ટ્રેન પસાર થઈ રહી હતી. તે સમયે રેલવે ફાટક પાસે ગેટ મેનની નજર આ ગેસ ગળતર થતા ટેન્કર પડી હતી. રેલ્વે ગેટમેને સતર્કતા દાખવી બનાવની જાણ સેન્ટીંગવાળા તેમજ સ્ટેશન માસ્ટર સહીત રેલવેના ઉચ્ચ અધિકારીઓને કરવામાં આવી હતી. તેમજ આ ગુડ્સ ટ્રેનને બોરડી પાસે ઉભી રાખી ગેસ ગળતર થતાં ડબ્બાને જુદું કરી લુપ લાઈન પર ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ રેલવેના ઉચ્ચ અધિકારીઓનો કાફલો તેમજ અગ્નિશામક દળ તેમજ ફાયર સેફ્ટી ટીમના લશ્કરો સહીત તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અને સુરક્ષા અને સલામતીની દ્રષ્ટિએ દિલ્હી મુંબઈ વચ્ચેનો રેલ વ્યવહાર થોડા સમય માટે રોકી દેવામાં આવ્યો હતો. અને આ ગેસ ગળતર થતો અટકાવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો સમાચાર લખાય છે. ત્યાં સુધી ફાયર સેફ્ટી ટીમ દ્વારા ગેસ ગળતર ને અટકાવી દેતા જાનહાનિ બનતા અટકી હતી. તેમજ તમામ પરિસ્થિતિઓ પુર્વવત થતા રેલ વ્યવહાર પુનઃ શરૂ કરવામાં આવ્યો હતો.



# દાહોદના રામપુરા ગામે હાઈવે રોડ ઉપર ટેમ્પોમાં લઈ જવાતો ૧૩.૨૩ લાખના દારૂ સાથે ચાલકને ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના રામપુરા ગામે હાઈવે રોડ પરથી દાહોદ એલ.સી.બી પોલીસે એક ટેમ્પામાંથી વિદેશી દારૂનો કુલ રૂપિયા ૧૩,૨૩,૦૪૦/– જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂપિયા ૨૨,૨૮,૦૪૦/– ના મુદ્દામાલ સાથે ચાલકની અટકાયત કરી હોવાનું તેમજ વિદેશી દારૂની હેરાફેરી કરતા અન્ય ૨ જેટલા ઈસમો વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ગત તારીખ ૧૦મી જૂનના રોજ દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદ તાલુકાના રામપુરા ગામે ઈન્દોર થી ગોધરા તરફ જતાં નેશનલ હાઈવે પર વોચ ગોઠવી ઉભા હતા. તે સમયે બાતમીમાં દર્શાવેલ એક ટેમ્પો ફોરવીલ ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ટેમ્પો ગાડી નજીક આવતાની સાથે પોલીસે ટેમ્પા ગાડીને ચારે તરફથી ઘેરી લીધી હતી. ગાડીમાં સવાર ચાલક મગારામ આસુરામ જાટ (રહેવાસી રાજસ્થાન, જિ.બાડમેર)ની પોલીસે અટકાયત કરી ટેમ્પા ગાડીની તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૨૮૩૨ કિંમત રૂપિયા ૧૨,૨૩,૦૪૦/– ના વિદેશી દારૂના જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂપિયા ૨૨,૨૮,૦૪૦/– નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. આ વિદેશી દારૂની હેરાફેરીમાં સામેલ કાલુ (સેતરાઉ) (રહે.ગુડગાંવ, હરિયાણા) અને વડોદરા ગોલ્ડન ચોકડીનો અન્ય એક ઈસમ વિરૂદ્ધ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પ્રોહિનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયાના સેવનિયા ગામે બાઈક ઝાડ સાથે અથડાતા બાઈક સવાર બે પૈકી એકનું મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના સેવનિયા ગામે એક મોટર સાયકલના ચાલકે પોતાના કબજાની મોટરસાયકલ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતા મોટરસાયકલ ઝાડ સાથે અથડાતાં મોટરસાયકલ પર સવાર બે પૈકી એકનું મોત નિપજયાનું જાણવા મળે છે.

ગત તારીખ ૧૧મી જૂનના રોજ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના વાખસીયા ગામે પટેલ ફળિયામાં રહેતા રાકેશભાઈ નવલસિંગ બારીઆ અને તેમની સાથે ધાનપુર તાલુકાના મોઢવા ગામે પટેલ ફળિયામાં રહેતા જયેશભાઈ બાબુભાઈ બારીઆ બંને જણા એક મોટરસાયકલ પર સવાર થઈ દેવગઢ બારિયા તાલુકાના સેવનિયા ગામેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે શંકરભાઈ એ પોતાના કબજાની મોટરસાયકલ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવતા ઝાડ સાથે મોટરસાયકલ ધડાકાભેર અથડાઈ હતી. જેને પગલે શંકરભાઈને શરીરે હાથે–પગે તેમ જ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલ જયેશભાઈ ને શરીરે ઈજાઓ પહોંચતા તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

આ સંબંધે ધાનપુર તાલુકાના વાખસીયા ગામે પટેલ ફળિયામાં રહેતા બાબુભાઈ નવલસિંહ બારીઆ દ્વારા સાગતાલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડામાં જૂની ગટરો માંથી દુર્ગંધ મારતું દૂષિત પાણી જાહેર માર્ગો પર આવતા નગરજનો ત્રાહિમામ

ગરબાડા,

ગરબાડામાં કરોડોના ખર્ચ બાદ પણ અધુરી એવી ૨૦૧૨ની ભૂગર્ભ ગટર યોજનાને લઈને નગરજનોની હાલત કફોડી બની છે. હાલમાં પરિસ્થિતિ એવી છે કે ન તો ભૂગર્ભ ગટર ચાલી રહી છે ના તો જૂની તૂટેલી ગટરોની સફાઈ કરવામાં આવી રહી છે. પરિણામે જૂની ગટરોના દુર્ગંધ મારતા દૂષિત પાણી જાહેર માર્ગો પર આવી રહ્યા છે. જેને લઈને નગરજનોને ભારે હાલકી વેઠવી પડી રહી છે. ગ્રામજનોની જાહેર સુખાકારી વધે તે માટે સરકાર દ્વારા કરોડોના ખર્ચે ભૂગર્ભ ગટર યોજના અમલમાં મુકવામાં આવી હતી પરંતુ અહીંયા તો પરિસ્થિતિ વિપરીત બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. કરોડોનો ખર્ચ બાદ પણ ૨૦૧૨થી લોકો તૂટેલા રસ્તા અને તૂટેલી ગટરોની હાલાકી ભોગવી રહ્યા છે. અધિકારીઓ ભૂગર્ભ ગટર યોજનાની મુલાકાત તો લે છે પરંતુ તેનું પરિણામ મળતું નથી જે જોતાં એમ લાગી રહ્યું છે કે ભૂગર્ભ ગટરના કોન્ટ્રાક્ટર અધિકારીઓની માનતા નહીં હોય તેમ લાગી રહ્યું છે. ભલેને કારણ જે પણ હોય તે હાલમાં તો સ્થાનિક તંત્ર દ્વારા જૂની ગટરોની સફાઈ કરવામાં આવે અથવા તો જે અધુરી ભૂગર્ભ ગટરનો હવાલો લીધો છે. તેને ચાલુ કરી અને લોકોની સમસ્યાઓ દૂર કરવામાં આવે તે જરૂરી બાબતો બની છે. ગટરના ચેમ્બર ના અનેક જગ્યાઓએ ઢાંકણા તૂટેલા છે. અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે. તેમ છતાં પણ ઢાંકણા બંધ કરવામાં નથી. આવી રહ્યા રામ રાજને પ્રજા સુખી જેવું જોવા મળી રહ્યું છે.


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

# દાહોદના ઉસરવાન ગામની પરણિતાને પત્ની તરીકે રાખવાની લાલચ આપી દુષ્કર્મ આચરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના ઉસરવાન ગામે એક ૩૬ પરણિતાને યુવતીને એક યુવક દ્વારા એક પરણિતાને પત્ની તરીકે રાખવા સારૂં એક યુવકે અવારનવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચરતા પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે. દાહોદ તાલુકાના વરમખેડા ગામે પટેલ ફળિયામાં રહેતો મુકેશભાઈ મડિયાભાઈ દાહોદ તાલુકા માં રહેતી એક ૩૬ વર્ષીય પરિણીતાને હું તને પત્ની તરીકે રાખીશ અને તું તારા પતિથી છૂટાછેડા લઈ લે, કહી પત્ની તરીકે રાખવા સારૂ લલચાવી અવારનવાર પરિણીતા સાથે શારીરિક સંબંધ બાંધી અવાર નવાર દુષ્કર્મ આચરતા અને તું મને છોડી દઈશ તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા બળાત્કારનો ભોગ બનેલ પરિણીતા દ્વારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.247

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા ચિખોદ્રાની રામજી મંદિર ટ્રસ્ટની નોંધ-૨માં

# અસામાજીક તત્વો સુધારા હુકમો અને ખોટા દસ્તાવેજો સહિતની તપાસ રાજ્ય મહેસુલ જીલ્લા મહેસુલ વિભાગ પાસે કરાવે તેવી માંગ

ગોધરા,

ગોધરા તાલુકો ચિખોદ્રાની નોંધ નં.૨ વાળી જમીનો રામજી મંદિર ટ્રસ્ટના વહીવટદારને દાનમાં આપેલ પરંતુ આ જમીનોમાં જે તે સમયના આગળ પડતા અને કોંગ્રેસ સરકાર સાથે જોડાયેલા એમ.એલ.એ. ઓ તથા નગર પાલિકા ગોધરામાં મ્યુનસીપાલીટમાં પ્રમુખ- ઉપપ્રમુખ તરીકે કરતા તેવા અસામાજીક તત્વોના આગળ પડતા ઈસમો દ્વારા રામજી મંદિરની તમામ જમીનો જેની નોંધ નં.૨ વાળી ધર્મદા દાન કરેલ મિલ્કતોમાં અસામજીક ઈસમો દ્વારા તથા જીલ્લા કલેક્ટર અને પંચમહાલના રેવન્યુ કર્મચારીઓ તથા અધિકારીઓ દ્વારા ગોધરા નગર પાલિકા તથા કોંગ્રેસ સરકારના આગળ પડતા ઈસમો પાસે ખૂબ જ મોટા પ્રમાણની આ નોંધની મિલ્કતો આવેલી છે અને તેઓ દ્વારા આવી મિલ્કતો ખુબ જ મોટા પ્રમાણમાં વાણિજ્ય હેતુ તથા (એન.એ) કરી તેમજ વધુ બાબતે એકબીજા ઈસમોને વેચાણ કરી તેમજ સુધાર હુકમોને ખોટી રીતે રેવન્યુ કર્મચારીઓ-અધિકારીઓને મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વતો આપી પોતાના અધિકારો ના હોવા છતાં આ નોંધ નં.(૨) વાળી મિલ્કતો અસામાજીક તત્વો આગળ પડતા ઈસમો દ્વારા આજદિન સુધી પંચમહાલ જીલ્લાના સબરજીસ્ટ્રેટર ચૌહાણ દ્વારા ખોટા દસ્તાવેજો કરી કોઈ પણ જાતની તપાસ કર્યા વગર અને વારંવાર દૈનિકસમાચારમાં પ્રસિદ્ધ કરાયા હોવા છતાં તેઓ તરફથી મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વતો લઈ ગેરરીતિઓ કરવા મોજે હમીરપુરના રે.સ.નં.૧૩ વાળી એવકયુ પ્રોપર્ટીના ખોટા દસ્તાવેજ બાબતે ગુજરાત સરકાર મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા નોંધણી નિરીક્ષક કચેરી ગાંધીનગર ટીમ દ્વારા રેડ કરી મોટા પ્રમાણમાં દસ્તાવેજો ગુજરાત સરકારે કબજે કરેલ છે. આ બાબતે તલાટીઓ દ્વારા સ્થળ સ્થાનિક તપાસ કરી ગ્રામ્ય વિભાગ મામલતદાર કુંભાણી તથા પ્રાંત અધિકારી એન.બી.રાજપુત દ્વારા જીલ્લા પંચમહાલ ગોધરા તરફથી યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ છે.

આ સબરજીસ્ટ્રેટ પંચમહાલ ગોધરા તરફથી નોંધ નં.૨ વાળી રામજી મંદિરની જમીનો ખોટા દસ્તાવેજો કરી તથા ચેરીટી કમિશ્નરના હુકમો ના હોવા છતાં દસ્તાવેજી એન્ટ્રીઓ ઈ-ધરા ગ્રામ્ય વિભાગ શહેર વિભાગ પંચમહાલ જીલ્લા કલેકટરના રેવન્યુ વિભાગના કર્મચારીઓ-અધિકારીઓ દ્વારા અસામાજીક તત્વો પાસેથી મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વતો લઈ કોઈપણ મુળ નોંધો ચકાસણી કયા તથા બિનખેડુતોના આધાર પુરાવા વગર ખોટી નોંધ એકબીજાના કર્મચારીઓ-અધિકારીઓના આદેશો અનુસાર નોંધ કાયદા વિરૂદ્ધ તથા રેકર્ડ ઓફ રૂલ્સ તથા વહીવટી નિયમો વિરૂદ્ધ તથા જયુડીશીયલના લાગતા હોવા છતાં મોટા પ્રમાણમાં નોંધ તેમના દ્વારા મંજુર કરાવી આપવામાં આવે છે અને આ જમીનોની નોંધ નં.૨ ઓનલાઈન અપલોડ કોમ્પ્યુટર ઈ-ધરા નાયબ મામલતદાર ગ્રામ્ય વિભાગ ભરત ડામોર દ્વારા મહેસુલ તપાસણી કમિશ્નર ઈ-ધરા ડાયરી વશી રાજ્ય સરકારના વહીવટદાર દ્વારા મુકવામાં આવેલ નથી અને લાંબા ગાળે પંચમહાલ જીલ્લાની પ્રજાને કોઈ આ નોંધ તલાટીઓ દ્વારા કે ઓનલાઈન દ્વારા આપવામાં આવેલ નથી. જેથી પ્રજાને મળી રહેશે તેવો કોઈ વ્યવસ્થા કરવામાં ગોધરા પંચમહાલના રેવન્યુ વિભાગ કલેક્ટર દ્વારાના કર્મચારીઓ-અધિકારીઓ યોગ્ય જરૂરી સરકારી પરિપત્રો ઠરાવો કાયદાને ઘોળીને પી ગયા છે. અસામજીક તત્વો દ્વારા રામજી મંદિરની જમીનો મોટા પ્રમાણમાં હોય અને બાકીની વેચી પાડેલ હોય તો તેઓ સામે તથા કરેલ ગેરરીતિઓ કરેલ પંચમહાલ જીલ્લા કલેકટરના કર્મચારીઓ-અધિકારીઓ સામે રામજી મંદિરની જેટલી જમીનોમાં ગેરરીતિઓ કરેલની મિલ્કતો નુકશાન કરનાર પાસેથી તેઓની મિલ્કતો માંથી તેમજ તેમના સરકારી ફંડ તથા પેન્શનો માંથી કાપ મૂકી રામજી મંદિરની તમામ જમીનોમાં કાયદા તથા સરકારી નિયમો ભંગ કરનાર પાસેથી વળતર મળી રહીશે તેવી માંગો મહેસુલ મંત્રી અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી ગુજરાત સરકાર દ્વારા યોગ્ય કાર્યવાહી બાબતે પણ લોકમાંગ છે. આમ, આજની તારીખો તથા અસામાજીક તત્વો દ્વારા રામજી મંદિરોની જમીનો જે ચેરીટી કમિશ્નરના કાયદા વિરૂદ્ધ તથા રામજી મંદિરના ટ્રસ્ટીઓની સંમતિ વગરની મિલ્કતો ગેરકાયદેસર વાણિજ્ય હેતુની વડોદરા હાઈવે રોડ ઉપર આવેલી તમામ ગેરકાયદેસર વ્યવહારો, જીલ્લા કલેક્ટર પંચમહાલના કર્મચારીઓ-અધિકારીઓને આપી ગુજરાત સરકાર તથા ચેરીટી કમિશ્નર ગાંધીનગરને જાણ કર્યા વગર અસામાજીક તત્વો દ્વારા જમીનો રામજી મંદિરની ગેરકાયદેસર થયેલ હોય તેવી મિલ્કતો કાયદા અનુસાર શરતભંગ થવાના પાત્ર હોય અને કેટલીક જમીનો વેચાણ કરી નાખેલ હોય તેમજ કેટલી જમીનો હાલની સરકારી પડતર હોય તે તમામ ઉપર રામજી મંદિરના હકકો હોય તમામની તમામ મિલ્કતો બાબતે યોગ્ય કાર્યવાહી કરશો અને અસામજીક તત્વો દ્વારા જેટલા ગેરકાયદેસર વેચાણ વ્યવહારો થયા છે. તેઓની તમામ મિલ્કતો માંથી રામજી મંદિર ટ્રસ્ટને ભરપાઈ કરી આપે તેવી વધુ માંગો ઉઠવા પામેલ છે. અને જે જે ચિખોદ્રા વિગેરે ગ્રામ્ય વિસ્તાર માંથી બોગસ ખેડુતો બનેલની મિલ્કતો નામી-અનામી વસાવેલ બાબતે યોગ્ય જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા રેવન્યુ વિભાગ કરશે તેવી લોકમાંગ ઉઠી છે.

આમ, આ રામજી મંદિરની જમીનો ગણોત કેસો ચલાવી અને આદિવાસીઓ પાસેથી ખોટી રીતે ધાકધમકીઓ આપી તેઓ પાસેથી પણ પડાવી લેવાના કેટલા કિસ્સાઓ પણ વાયુ વેગે છે અને આ રામજી મંદિરની જમીનો કોને કોને વેચી અને ચેરીટી કમિશ્નરોના કાયદાનું અપમાન કરેલ છે. જે વિગતોની માહિતી પણ માંગવામાં આવેલ છે. જે પણ માહિતી કાયદા મુજબ મળેલ નથી અને ફેરફાર નોંધ કેટલીક સુધારા હુકમો અધુરી ખોટી રીતે ગામ નમુના રેકર્ડ રૂલ્સ મુજબની ઉડાવી પોતાના વેચાણ કરેલ નામો જાહેર ના થાય તેવી ગેરરીતિઓ કરેલની વિગતો ધ્યાને આવેલ છે. આવા ગેરરીતિઓ કરાવેલ અસામજીક તત્વોની ફોરજદારી રાહે ગુજરાત રાજ્ય સરકાર પગલા ભરશે તો તમામ વિગતોવાર અને કાયદા વિરૂદ્ધ તમામના તમામ કૌભાંડો, રેવન્યુ રેકર્ડ અંગેની હકીકતો બહાર આવશે જે યોગ્ય જીલ્લા કલેકટર પંચમહાલ મહેસુલી ટીમ બનાવી જરૂરી તપાસ મહેસુલ અને કાયદા મંત્રી ગુજરાત રાજ્ય તરફ યોગ્ય આદેશો અનુસાર રીપોર્ટો સાથે અહેવાલ કરશે કે કરાવશે તેવી આશાઓ લઈને લોકો બેઠા છે.

# વેજલપુર પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની મિટિંગ યોજાઈ જેમાં મુસ્લિમ સમાજના આગેવાનો હજાર રહયા હતા


તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

વેજલપુર પોલીસ સ્ટેશનમાં નવા આવેલા પી.એસ.આઈ મયુર જાદવની અધ્યક્ષતામાં શાંતિ સમિતિ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તાજેતરમાંજ મુસ્લિમ સમાજના ઈસ્લામ ધર્મના પયગંબર મુહંમદ સાહેબ શાનમાં અશોભનિય શબ્દોનો જાહેરમાં ઉચ્ચાર કરીને મુસ્લિમ સમાજની લાગણી દુભાયી છે. ત્યારે હાલમાં નૂપુર શર્માએ અને નવીન જિંદાલ વિરૂદ્ધમાં આખા વિશ્વમાં ઘેરા પ્રયાઘાત પડ્યા છે. ઠેર ઠેર તેમના વિરૂદ્ધમાં આવેદનપત્રો આપીને વિરોધ કરવામાં આવી રહ્યો છે. તેના અનુસંધાનમાં આજરોજ વેજલપુર પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની મીટીંગ યોજાઈ. જેમાં વેજલપુર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ દ્વારા જણાવ્યું હતું કે, વેજલપુર ગામમાં કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે અને વેજલપુર ગામ મા શાંતિ બની રહે અને કોઈ પણ સમાજનો કોઈ પણ પ્રશ્ન હોય તો અમને જાણ કરજો તેનું વહેલી તકે નિરાકરણ કરીશું વેજલપુર ગામના લોકો એક સાથે હળી મળી ને રહે અને વેજલપુર ગામમાં કાયમ શાંતિ બની રહે વેજલપુર ગામમાં કોઈ ઘટના ન ઘટે તેનું દરેક સમાજે ધ્યાન રાખવું પડશે કોઈ પણ સમાજના લોકોનો કોઈ પ્રશ્ન હોય તો મને જણાવજો તેમ વેજલપુર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ દ્વારા જણાવ્યું હતું અને આ શાંતિ સમિતિની મિટિંગમાં મુસ્લિમ સમાજ આગેવાનોમાં તાલુકા પંચાયત સભ્ય સલીમભાઈ કઠીયા, વેજલપુર ગ્રામ પંચાયત સભ્ય મહેબૂબ જમાલ, યાકુબભાઈ જમાલ તેમજ વેજલપુરના સમાજ સેવક એવા મુસ્તાકભાઈ પાડવા, મેહુબુબ બદના, સુલેમાનભાઈ, ફારૂકભાઈ, શોકતભાઈ અને બીજા આગેવાનો હાજર રહ્યા હતા.

# પંચમહાલના હાલોલ, કાલોલ, જાંબુઘોડા અને મોરવા(હ)માં મેઘરાજાની પધરામણી થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી



ગોધરા,

પંચમહાલ જીલ્લાના હાલોલ, કાલોલ, મોરવા(હ) અને જાંબુઘોડા તાલુકામાં ભારે ઉકળાટ વચ્ચે બપોર બાદ મેઘરાજાએ પધરામણી કરતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. મેઘરાજાની પધરામણી સાથે ગરમીથી લોકોએ રાહત અનુભવી છે.

પંચમહાલ જીલ્લામાં ભારે ઉકળાટ અને ગરમી થી લોકો ત્રસ્ત બન્યા છે. ત્યારે આજરોજ બપોર બાદ વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો અને મોડી સાંજે જીલ્લાના જાંબુઘોડા, મોરવા(હ), કાલોલ અને હાલોલ તાલુકામાં મેઘરાજાએ એન્ટ્રી સાથે છેલ્લા કેટલાક દિવસો થી અતિશય ગરમીની ત્રસ્ત લોકોએ ગરમી રાહત મળી છે. જ્યારે બીજી તરફ જીલ્લાના ગોધરા, શહેરા,ઘોઘંબા તાલુકામાં વાદળછાયું વાતાવરણ બનવા છતાં મેઘરાજા પધરામણી થઈ નથી. તેમ છતાં ઠંડા પવનને લઈને ગરમીથી રાહત અનુભવાઈ છે.

# શહેરાના ખાડીયા ગામે સોમનાથ મહાદેવ મંદિરમાં બાબા રામદેવની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ



શહેરા,

શહેરા તાલુકાના ખાડીંયા ગામે આવેલા સોમનાથ મહાદેવના મંદિરે બાબા રામદેવની મૂર્તિનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને પ્રથમ પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામા આવી હતી. આ ભક્તિમય કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિત રહીને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

શહેરા તાલુકાના ખાંડીયા ગામે આવેલા અલખધણી રામદેવજી મહારાજનો પ્રાણપ્રતિષ્ઠા અને ગણપતિ, અંબે માં, ભાથીજી મહારાજ, બળિયાદેવ, શનિદેવ, રાધાકૃષ્ણનો પ્રથમ પાટોત્સવ યોજાયો હતો. બ્રાહ્મણોના વૈદિક મંત્રોચાર સાથે બાબારામ દેવ મૂર્તિની ભક્તો દ્વારા પૂજા અર્ચના સહિત મંદિરના છત પર ધ્વજા ચડાવવામાં આવી હતી. મંદિર ખાતે રાખવામાં આવેલા બાબા રામદેવ ભગવાનની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને પાટોત્સવમાં ખાંડીયા ગામ સહીત આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં આવ્યા હતા. મંદિર ખાતે હર હર મહાદેવ, જય બાબા રામદેવ, જય માતાજીના જયઘોષ થી ગુંજી ઉઠતા વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આ ભક્તિમય કાર્યક્રમમાં આવનાર દરેક ભક્તજનોએ સોમનાથ મહાદેવ, બાબા રામદેવ ભગવાન, અંબે માતાજી અને હનુમાનજી દાદાના દર્શન કરીને મહાપ્રસાદી લીધી હતી. આ સોમનાથ મંદિર ખાતે સ્થાનિક ગ્રામજનો સાથે અન્ય ગ્રામજનોએ પણ શ્રદ્ધા જોડાયેલી છે. આ મંદિર ખાતે હવેથી દર્શન કરવા આવતા ભક્તજનોને બાબા રામદેવ ભગવાનના પણ દર્શન કરવાનો લ્હાવો મળશે તેમ છે.

# ધાનપુરના ચારી ગામેથી ફોર વ્હીલ ગાડી માંથી ૨.૪૪ લાખના દારૂ સાથે બે ઈસમો ઝડપ્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ચારી ગામેથી દાહોદ એલ.સી.બી પોલીસે એક મહિન્દ્રા ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂપિયા ૨,૪૪,૦૮૦/- ના વિદેશી દારૂના જથ્થા સાથે ગાડી ની કિંમત મળી કુલ રૂપિયા ૩,૯૮,૦૮૦/- ના મુદ્દામાલ સાથે ગાડીના ચાલક સહિત બે જણાની અટકાયત કરી જ્યારે અન્ય એક ઈસમ ચકમો આપી નાસી જવામાં સફળ થયાનું જાણવા મળે છે.

તારીખ ૧૧મી જૂનના રોજ દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે ધાનપુર તાલુકાના ચારી ગામે નાકાબંધી કરી આવતા જતા તમામ નાના મોટા વાહનો ની તલાશી હાથ ધરતા હતા. તે સમયે બાતમીમાં દર્શાવેલ એક મહિન્દ્રા બોલેરો ફોર વીલ ગાડી ત્યાંથી પસાર થતા પોલીસ સાબદી બની હતી ગાડી નજીક આવતાની સાથે તેને ચારે તરફથી ઘેરી લેતાં પોલીસે ગાડીમાં સવાર રમેશભાઈ કેશાભાઈ બારીઆ (રહે. નળુ, ટેકરી ફળિયું, તા. ધાનપુર જિ.દાહોદ) અને ભુપેન્દ્રસિંહ ઈશ્વરભાઈ પરમાર (રહે. ચારી, કાળિયા ફળિયા તા. ધાનપુર, જિ. દાહોદ) ની પોલીસે અટકાયત કરી જ્યારે પપ્પુભાઈ માવી (રહે. કઠીવાડા મધ્ય પ્રદેશ) નો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે મહિન્દ્રા બોલેરો ફોર વીલર ગાડી ની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૨૦૬૪ રૂપિયા ૨,૪૪,૦૮૦/- અને મહિન્દ્રા બોલેરો ફોર વીલર ગાડી ની કિંમત મળી કુલ રૂપિયા ૩,૯૮,૦૮૦/- નો મુદ્દામાલ કબજે કરી ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરામાં કોઠી સ્ટીલ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરાયું




ગોધરા,

ગંભીર બીમારીઓ અને અકસ્માતનો ભોગ બનેલ વ્યકિતઓને સમય ઉપર બલ્ડ ઉપલબ્ધ ન હોવાથી જે પરિસ્થિતિ ઉભી થાય તેની કલ્પના પણ ધ્રુજારી ઉત્પન્ન કરી દે તેમ છે. આજની ફાસ્ટ જિંદગીમાં લોકો સવાર્થી અને લાલચી બની રહયા છે. માનવતા અને સેવા શબ્દો ભૂતકાળ બનતા જાય છે. માનવીની કિંમતો ઘટતી જાય છે.

વેપારી, બિલ્ડર અને કોર્પોરેટ ધનિકો પાસે સમય નથી, પરંતુ ગોધરાના કોઠી સ્ટીલના માલીક વ્યસ્ત હોવા છતાં ઈન્સાનિયતની પહેચાન, જરૂરતમંદો માટે જીવનદાન, દાનોમાં મહાદાન ગણાતા રક્તદાનનો કેમ્પ ગોધરા ખાતે કોઠી સ્ટીલ લિમિટેડ અને રેડ ક્રોસ સોસાયટી ગોધરા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં કોઠી સ્ટીલ કંપનીમાં કામ કરતા વર્કરો તેમજ ટ્રક એસોસિઅન માલિકો ઉદ્યોગપાટીઓ વગેરે એ બલ્ડ ડોનેશન કરવામાં આવ્યું હતું. કેમ્પને સફર બનાવવા કોઠી સ્ટીલ લિમિટેડ કંપનીના માલીક ફિરદૌસ કોઠી ઈન્ડિયન રેડ ક્રોસના હાજી અનવર સિંધી, મેહબૂબ જભા, રેડ ક્રોસ સોસાયટીના ડોક્ટરો સ્ટાફ ગણ ભગીરથ પ્રયાસ કરી લગભગ ડોનેશન કલેક્ટ કરવામાં આવ્યું.

# શહેરાના શુકલ ખડકીમાં હિન્દુ યુવાન ઉપર મુસ્લીમ યુવાનો દ્વારા હિંસક હુમલો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા નગરમાં આવેલી શુકલ ખડકીમાં રહેતા હિંદુ યુવાન પર ૫ કરતા વધુ મુસ્લિમ યુવાનો દ્વારા ઘરે જઈ હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. નૂપુર શર્માના સમર્થનમાં પોતાના વોટ્સઅપ પર સ્ટેટ્સ મુકતા મામલો બીચકયો હતો. જોકે પોલીસે આ બાબતને ખુબજ ગંભીરતાથી લઈને ૧ યુવાન સહિત ૪ કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકિશોરોને હસ્તગત કરી કડક કાર્યવાહી હાથધરી ને નગરના વિવિધ વિસ્તારમાં પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવવા સાથે પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતુ.

થોડા દિવસ અગાઉ ભાજપ પ્રવકતા અને દિલ્હીના રહેવાસી નૂપુર શર્માએ એક ટેલિવિઝન ડીબેટમાં મુસ્લિમ ધર્મગુરૂ મોહમ્મદ હજરત પયગંબર માટે ખોટી ટિપ્પણી કરી હતી. જેના પડઘા ભારત ઉપરાંત અન્ય મુસ્લિમ દેશોમાં તેમજ જ્યા મુસ્લિમ વસ્તી વધારે હોય એવા દેશોમાં વિરોધનો સૂર ઉઠ્યો હતો અને તેના સંદર્ભમાં શહેરા માં શુક્રવારના રોજ નૂપુર શર્માના વિરોધમાં મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર મુસ્લિમ સમાજે આપીને કડક કાર્યવાહી ની માંગ કરી હતી. જ્યારે નગરના મુખ્ય બજારથી અંદર આવેલી શુકલ ની ખડકીમાં રહેતા ૨૪ વર્ષીય હેમંત વિનોદચંદ્ર પાઠકે શુક્રવારના રોજ પોતાના મોબાઈલના વોટસઅપ ના સ્ટેટ્સમાં એક પોસ્ટ મૂકી હતી જેમાં તેણે લખ્યું હતું કે ''હું નૂપુર શર્મા ને સમર્થન કરૂં છું ''તદઉપરાંત બીજી પોસ્ટમાં''બીના ભૂકંપ કે ૫૭ દેશો કી જડે હિલાનેવાલી પહેલી ભારતીય મહિલા બની નૂપુર શર્મા''એ પ્રકારની પોસ્ટ મૂકી હતી. શનિવારના રોજ સવારના ૧૦ વાગ્યે હેમંત પોતાના ઘરે હતો તે દરમિયાનમાં ફેઝલ અને ઈકબાલ તેમજ અન્ય ૬ જેટલા ઈસમો મોટર સાઈકલ પર આવ્યા હતા અને ફેઝલ એ હેમંતને ઘરમાંથી બોલાવી પોતાના મોબાઈલમાં રહેલો સ્કીન શોટ બતાવ્યો હતો અને પૂછ્યું હતું કે તું નૂપુર શર્માને કેમ સમર્થન કરે છે. આથી હેમંતે જણાવ્યું કે આ મારી પર્સનલ મેટર છે અને આને મેં સોસીયલ મીડિયામાં કોઈ ને મોકલી પણ નથી. માત્ર મારા મોબાઈલમાં સ્ટેટસ મૂક્યું છે અને તે હું ડીલીટ કરી દઉં છું અને ડીલીટ પણ કરી દીધું હતું. દરમિયાન એક પીળા ઝભ્ભા વાળા શખ્સે હેમંતને મોઢાના ભાગે તમાચા મારવાનું શરૂ કરી દીધું હતું. તો સાથે આવેલા અન્ય ૭ મુસ્લિમ શખ્સોએ ગડદાપાટુનો માર માર્યો હતો અને બાજુમાં પડેલા પાયો એક શખ્સે ઉઠાવી હેમંતને જમણા હાથે મારી દીધો હતો અને જતા જતા બીજે ક્યાંક મળ્યો તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઘટનાની જાણ શહેરા પી.આઈ રાહુલ રાજપૂતને થતા તાત્કાલિક પોલીસ કુમુક ત્યાં મોકલી આપી હતી અને પરિસ્થિતિ થાળે પાડી હતી અને સમગ્ર નગરમાં રાઉન્ડ ધ ક્લોક પોલીસ ગાડીઓનું પેટ્રોલિંગ ચાલુ કરી દીધું હતું. તો સાથે જ પોતાની દૂરંદેશી બતાવતા જિલ્લા પોલીસ વડાને આ બાબતની જાણ કરતા નાયબ જિલ્લા પોલીસવડા ચેતન.સી.ખટાણા પણ તાત્કાલિક આવી પહોંચ્યા હતા. તો વધારાની પોલીસ કુમુક માટે કાંકણપુર પોલીસ, ગોધરા તાલુકા પોલીસ,મોરવા હડફ પોલીસ અને બીજી અન્ય પોલીસ આવી પહોંચી ને પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો હતો.હેમંતે ફેઝલ ભાઈ જેમના માતા પિતાનું નામ ખબર નથી અને ઈકબાલભાઈ તેઓના પણ માતા પિતાનું નામ ખબર નથી. ઉપરાંત ૬ મુસ્લિમ યુવાનો સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં પોલીસે ફેઝલ નામના યુવાન તેમજ ૪ કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકિશોરોને હસ્તગત કરી આગળની કાર્યવાહી હાથધરી છે.

> શહેરામાં બ્રહ્મસમાજના યુવાનએ નૂપુર શર્માના સમર્થનમાં મોબાઈલમાં સ્ટેટસ મૂક્યું હતું. જ્યારે મુસ્લિમ સમાજના યુવાન અને બાળ કિશોર સહિત ૪ કરતા વધુએ હેમંત પાઠકના ઘરે જઈને પૂછ્યું હતું કે તું નૂપુર શર્માને કેમ સમર્થન કરે તેમ કહીને માર માર્યો હતો. જેથી યુવાન એ હિંમત કરીને પોલીસ મથક ખાતે ફરિયાદ આપતા પોલીસે ખૂબ જ ગંભીરતાથી લઈને ચાર બાળ સગીર અને એક યુવાનને પકડી પાડીને કડક કાર્યવાહી હાથ ધરી હતી. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દ્વારા નગરના વિવિધ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ પણ હાથ ધરવામાં આવ્યું હતુ.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

આજના મોબાઈલ અને ઈન્ટરનેટના યુગમાં જૂની ગલી મોહલ્લા અને શેરીઓ માં રમાતી રમતો વિસરાઈ ગઈ છે. ગિલ્લી દંડા, ભમરડા, લખોટી, કોથળા કૂદ, રસ્સી ખેંચ જેવી અનેક બાળપણની રમતોની યાદ તાજી કરાવવા માટે દાહોદની સામાજિક સંસ્થા હોલી જોલી ગ્રૂપ દ્વારા સ્માર્ટસિટી કમિટી અને નગરપાલિકા નગરપાલિકાના સહયોગ થી હેપ્પી સ્ટ્રીટનું આયોજન કરાયું હતું.